# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૨૧



**શ્રી સીમંધરસ્વામી માનસ્તંભ**
**વિ.સં. ૨૦૦૯ (ઈ.સ. ૧૯૫૩)માં પ્રતિષ્ઠિત**

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● સમસ્ત ધર્મનું મૂળ ભાવના છે. ભાવનાથી જ પરિણામની ઉજ્જ્વળતા થાય છે. ભાવનાથી મિથ્યાત્વનો અભાવ થાય છે. ભાવનાથી વ્રતમાં દૃઢ પરિણામ થાય છે. ભાવનાથી વીતરાગતાની વૃદ્ધિ થાય છે. ભાવનાથી અશુભ-ધ્યાનનો અભાવ થઈને શુભધ્યાનની વૃદ્ધિ થાય છે. ભાવનાથી આત્માનો અનુભવ થાય છે. ઈત્યાદિ હજારો ગુણોની ઉત્પત્તિ ભાવનાથી થતી જાણી, ભાવનાને એક ક્ષણ પણ છોડો નહિ. ૧૮૭૭.

(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર-ટીકા, ભાવના મહા અધિકારના ઉપોદ્‌ઘાતમાંથી)

● જેમના ચિત્તમાં સમ્યગ્જ્ઞાનના કિરણો પ્રકાશિત થયા છે તેઓ સંસારમાં સ્વભાવથી જ વીતરાગી રહે છે. જ્ઞાની થઈને વિષય-સુખમાં આસક્ત હોય એ ઉલટી રીત અસંભવ છે. ૧૮૭૮.(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ-૪૧)

● જિસને આત્મજ્ઞાનમઈ શ્રુતજ્ઞાનકે વિના અનેક પ્રકાર વ્રત, તપ, ક્રિયા કી વહ કેવલ માત્ર કષ્ટકો હી સહતા હૈ ઉસકા રંજાયમાનપના મિથ્યા ઈન્દ્રિયોંકે વિષયોમેં હૈં. ૧૮૭૯. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૮૮)

● સંસારમાં ઈન્દ્રિય-જન્ય જેટલા સુખ છે તે બધા આ આત્માને તીવ્ર દુઃખ આપનારા છે. આ રીતે જે જીવ ઈન્દ્રિય-જન્ય વિષય—સુખોના સ્વરૂપનું ચિંતવન કરતો નથી તે બહિરાત્મા છે. ૧૮૮૦. (શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા-૧૩૬)

● જેમ ગાયની માંસપેશીઓ વચ્ચે (ગાયના થાનમાં) દૂધ (જુદું) રહે છે તેમ કર્મજાળની વચ્ચે સર્વત્ર ચેતન—આત્મા રહેલો છે. આવા વિશિષ્ટ ચેતનસ્વભાવી આત્માને કર્મસમૂહની સાથે સાદૃશ્યપણું કોણ કહે ? અથવા આત્માના નિર્મળ ગુણોને છોડીને કર્મજનિત ભાવોનું ગ્રહણ કોણ કરે ? ૧૮૮૧. (શ્રી નેમીશ્વર-વચનામૃત શતક-૫૫)

● જીવ છે તે સંકલ્પમય છે, અને સંકલ્પ તે સુખ-દુઃખમય છે, હવે તે સુખદુઃખમય સંકલ્પને જે જાણે છે તે જ જીવ છે, જે દેહ સાથે સર્વત્ર મળી રહ્યો છે; તોપણ જાણવાવાળો છે તે જ જીવ છે. ૧૮૮૨.(સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૧૮૪)

● સિદ્ધોને સર્વ કર્મોનો નાશ થવાથી સર્વ દુઃખોનો પણ નાશ થયો છે, કારણ કે દુઃખનું લક્ષણ તો આકુળતા છે. હવે આકુળતા તો ત્યારે જ હોય કે જ્યારે કંઈક ઈચ્છા હોય. એ ઈચ્છાનો વા ઈચ્છાના કારણોનો સર્વથા અભાવ હોવાથી તેઓ સર્વ દુઃખરહિત નિરાકુળ અનંત સુખ અનુભવે છે. કારણ કે નિરાકુળપણું એ જ સુખનું લક્ષણ છે. ૧૮૮૩. (શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ-૩, પાનુ-૭૯)

વર્ષ–૧૫
અંક–૧૧




વિ. સંવત
૨૦૭૭
July
A.D. 2021



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(સમયસાર ગાથા ૧૦૯-૧૧૨ ઉપરના પ્રવચનમાંથી)

**હે જ્ઞાનના ઈચ્છક શ્રોતા ! સાંભળ !**
**શુદ્ધ જીવ તો મિથ્યાત્વાદિનો અકર્તા છે.**

તેર ગુણસ્થાનો અચેતન છે તે નવા કર્મને બાંધે તો બાંધો, તેમાં જીવને શું ? આહાહા ! એકકોર (—એક તરફ) બધું પુદ્ગલમાં નાખી દીધું ને એકકોર નિરાળો ચેતન લીધો ! અહીં એવો જ જીવ લીધો છે કે જેને મિથ્યાત્વભાવ છે પણ આત્માની જિજ્ઞાસા થઈ છે, અને તેને મિથ્યાત્વ અલ્પકાળમાં ટળી જવાનું છે, તેથી મિથ્યાત્વાદિ અચેતનભાવો થોડો કાળ કરે તો કરો ?—જીવ તેનો કર્તા નથી. આહાહા ! સાંભળનારને દ્રવ્યનું લક્ષ કરાવીને કર્મને કોણ બાંધે છે એ સમજાવ્યું છે.

મિથ્યાત્વાદિનો જીવ ભોક્તા પણ નથી. દ્રવ્યસ્વભાવ છે એ ક્યાં રાગાદિને વેદે છે ? તું ત્યાં—દ્રવ્યસ્વભાવમાં જા ને ! પ્રભુ પોતે મહાત્મા છે, મોટો આત્મા છે, તેનો દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ નિરાવરણ છે, તેને રાગાદિનો સંબંધ છે જ નહીં. એ ચેતનદ્રવ્યના હિસાબે આ તેર ગુણસ્થાનો પુદ્ગલકર્મનો પાક છે, ચેતનનો પાક નથી. ચેતનનો પાક આનંદ છે, તે રાગાદિને કેમ ભોગવે ? તેર ગુણસ્થાનો નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યમય છે, તેને જીવ કેમ ભોગવે ?

**ગહરાઈ નિધિ કી, ઊંચાઈ ગિરિ કી, નભ-થલ કી ચૌડાઈ,**
**વહીં વહીં તક જહાં જહાં તક, નિધિ આદિક દેં દિખલાઈ;**
– શ્રી વિષાપહાર સ્તોત્ર

સમ્યગ્દર્શન થયું નથી એવા જીવને આ સમજાવે છે. પ્રભુ, તું મહાપ્રભુ છો પણ એને ભૂલી ગયો ને આ કરું, આ કરું એમાં રોકાઈ ગયો, પણ ભાઈ ! તું રાગાદિનો કર્તા કે ભોક્તા પણ નથી. પુદ્‌ગલકર્મમય મિથ્યાત્વાદિનો તું ભોક્તા પણ નથી તો તું પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય ?

તેથી એમ ફલિત થયું કે પુદ્‌ગલમય તેર ગુણસ્થાનો જ કેવળ કર્મને કરે છે. ચૈતન્યહીરલો અચેતન ગુણસ્થાનમાં ક્યાંથી આવે ?—એ અચેતન વેદનમાં ક્યાંથી આવે ? ચૈતન્યવસ્તુ મહાપ્રભુ મહાત્મા છે, મોટો આત્મા છે, તેમાં અચેતનપણું ક્યાંથી આવે કે એ અચેતનને કરે કે અચેતનને વેદે ? આહાહા ! મિથ્યાદૃષ્ટિને આ કહે છે, પણ ક્યા મિથ્યાદૃષ્ટિને ?—કે મિથ્યાદૃષ્ટિ હોવા છતાં દ્રવ્યસ્વભાવનું લક્ષ કરવાનો જ છે એવા મિથ્યાદૃષ્ટિને કહ્યું છે.

તેર ગુણસ્થાનો અશુદ્ધ નિશ્ચયથી જીવની પર્યાય છે, અશુદ્ધ નિશ્ચયનય વ્યવહારમાં જાય છે ને વ્યવહારનો અહીં નિષેધ કરવો છે. તેર ગુણસ્થાનો અચેતન છે ને ભગવાન આત્મા ચેતનનું નૂરનું પૂર છે. તેથી એક બાજુ ભગવાન આત્મા ચેતન ને એક બાજુ તેર ગુણસ્થાનના ભાવો અચેતન છે. આહાહા ! એક કોર રામ ને એક કોર ગામ ! થોડામાં ઘણું ભરી દીધું છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિનો ભાવ આસ્રવ છે અને તે બંધનું કારણ છે. બંધનું કારણ કેમ છે ?—કે તેઓ અચેતન છે માટે બંધનું કારણ છે.

મિથ્યાત્વાદિ ગુણસ્થાનો અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે, તેથી પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કર્તા છે, જીવ કર્તા નથી એમ સિદ્ધ થયું. જીવને પુદ્‌ગલકર્મનો કર્તા માનવો એ અજ્ઞાન છે. ભગવાન આત્મા બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ છે, તેને પુદ્‌ગલકર્મનો કર્તા માનવો એ અજ્ઞાન મિથ્યાત્વ છે.

(ક્રમશઃ)

---

પ્રશ્ન : આત્મજ્ઞાન કરવા માટે ઘણા ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે એ કરતા કાંઈક સહેલો રસ્તો બતાવો ને ?

ઉત્તર : આત્મજ્ઞાન માટે ઘણા શાસ્ત્રો ભણવાની ક્યાં વાત છે ? તારી પર્યાય દુઃખના કારણો તરફ વળે છે તેને સુખના કારણભૂત સ્વભાવ સન્મુખ વાળ એટલી જ વાત છે. પોતે ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો મહિમા લાવીને સ્વસન્મુખ થા ! આટલી વાત છે. તારી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સન્મુખ વાળવી. આ ટૂંકું ને ટચ છે. —*પૂજ્ય ગુરુદેવશ્રી*

---

**કિન્તુ નાથ, તેરી અગાધતા, ઔર તુંગતા, વિસ્તરતા,**
**તીન ભુવનકે બાહિર ભી હૈ, વ્યાપ રહી હૈ જગત્પિતા. ૮.**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૯, મંગળવાર) વ્યાખ્યાન નં. ૨૬ (ગાથા ૩૯)

રાગાદિ રહિત આત્મસ્વભાવનું ભાન થયા પછી પણ ધર્મી જીવોને ભૂમિકા અનુસાર રાગ-દ્વેષની વૃત્તિ થાય છે, પણ તેઓ તે રાગાદિને પોતાનું સ્વરૂપ માનતા નથી. કોઈ અજ્ઞાની જીવ ધર્મના નામે ખોટી વાતનું સ્થાપન કરતો હોય ત્યારે, રાગવાળી ભૂમિકામાં રહેલા સમ્યગ્દૃષ્ટિને અંતરમાં તલાક આવે છે કે, અરેરે! જગતના પામર જીવો પરમ સત્યને કેવું ઊંધું મનાવી રહ્યા છે? એ પ્રમાણે, રાગવાળી ભૂમિકામાં જેને સત્ય તરફનો શુભવિકલ્પ ન જાગે તેને યથાર્થપણે સત્યનું બહુમાન નથી, ને તે જીવને સમ્યગ્દર્શન હોતું નથી. ગૃહસ્થભૂમિકામાં ધર્માત્માને સત્યના સ્થાપનનો શુભરાગ ને અસત્યના ઉથાપનનો શુભદ્વેષ હોય છે તેમ જ સત્ય દેવ-ગુરુ-ધર્મની રક્ષા અને પ્રભાવના ખાતર તન-મન-ધન સર્વસ્વ અર્પણતાનો શુભભાવ હોય છે, પણ તે રાગ-દ્વેષને તેઓ ઉપાદેય માનતા નથી, રાગરહિત સ્વભાવને જ ઉપાદેય તરીકે સ્વીકારે છે. તેમને રાગ-દ્વેષ થાય છે તેટલો ચારિત્રનો વિકાર છે, પણ તે વખતે ય રાગ-દ્વેષથી ભિન્ન પોતાના પરમપારિણામિક-સ્વભાવને જ ઉપાદેય તરીકે શ્રદ્ધાજ્ઞાનમાં સ્વીકારે છે તેથી તેમને શ્રદ્ધા-જ્ઞાન નિર્મળ છે.

શ્રી તીર્થંકરદેવનો જન્મ થતાં ચૌદ બ્રહ્માંડમાં અજવાળાં થાય છે અને નારકીના જીવોને પણ બે ઘડી સાતા થાય છે; તેમ જ દીક્ષા અને કેવળજ્ઞાન વખતે પણ તેમ થાય છે. ઈંદ્રો આવીને ચરણ પૂજે છે. પણ ભગવાન તો જન્મથી જ માન-અપમાનરહિત પરમ ચૈતન્યસ્વભાવને જાણનારા છે. ઈંદ્ર પૂજે કે કોઈ પ્રતિકૂળતા કરે તે બધા સંયોગો કર્મોદયનું કાર્ય છે. મારા આત્મામાં માન-અપમાનના ભાવો નથી ને કર્મોદયના સ્થાનો પણ નથી. આવા શ્રદ્ધા-જ્ઞાન હોવા છતાં પર્યાયમાં કદાચ માન-અપમાનનો વિકલ્પ ઊઠે તો તેમાં જ્ઞાની એકમેક થતાં નથી, પણ તે વખતે ય તે વિકલ્પથી જુદા પોતાના પરમ પારિણામિકસ્વરૂપમાં જ અભેદપણે પરિણમે છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનને દીક્ષા પછી મુનિદશામાં ભૂતડાં-દેવે (-કમઠે) આવીને ધોધમાર વરસાદનો ઉપસર્ગ કર્યો હતો; પણ ભગવાન તો આત્મધ્યાનમાં મગ્ન હતા.

**અનવસ્થાકો પરમ તત્ત્વ, તુમને અપને મતમેં ગાયા,**
**કિન્તુ બડા અચરજ યહ ભગવાન્, પુનરાગમન ન બતલાયા;**

તેમને એવો વિકલ્પ પણ થયો નહિ કે-'અરે, જે ઈંદ્ર મારા જન્મ વખતે મોટો ઉત્સવ કરે છે અને જે મારા ચરણ સેવે છે તેના દાસનો દાસ આ દેવ આવીને મને ઉપસર્ગ કરે ?' ભગવાન માન-અપમાનરહિત સ્વરૂપને પહેલેથી જ જાણતા હતા, ને પછી સ્થિરતાવડે માન-અપમાનનો વિકલ્પ પણ થવા દીધો નહિ; ઉપસર્ગ કરનાર 'કમઠ' ઉપર ભગવાનને દ્વેષ નથી ને સેવા કરનાર ઈંદ્ર ઉપર રાગ નથી; તેઓ તો બધાથી નિરપેક્ષ આત્મસ્વભાવના ધ્યાનમાં રહીને કેવળજ્ઞાન પામે છે.

શ્રી નેમિનાથ ભગવાનને ગૃહસ્થદશામાં માનનો વિકલ્પ આવ્યો અને શ્રીકૃષ્ણની નાગશય્યા ઉપર સુતા તથા તેમનો શંખ ફૂંક્યો; તેમ જ એકવાર રાજ સભામાં શ્રીકૃષ્ણને ટચલી આંગળીએ ટાંગીને હીંચોળ્યા. પણ તે વખતે ય શ્રદ્ધામાં તેઓ પોતાના માન-અપમાન રહિત શુદ્ધ આત્મતત્ત્વને જ સ્વીકારતા હતા, જે માન-અપમાનના રાગ-દ્વેષ થાય તેને આત્મસ્વરૂપ સ્વીકારતા નહિ; તે વખતે ય સ્વભાવનો આદર હતો ને માન-અપમાનનો નિષેધ હતો. મારું ચૈતન્ય સહજસ્વરૂપે ત્રિકાળ એકરૂપ છે, તેમાં માન શું ને અપમાન શું ?—આવી આત્મદશાનું નામ સમ્યગ્દર્શન છે.

શ્રી ઋષભદેવ ભગવાનને વૈરાગ્ય થતાં દીક્ષા લઈ મુનિ થયા, ને છ મહિનાના ઉપવાસ કર્યા-છ મહિના સુધી તો આહાર તરફની વૃત્તિ થઈ જ નહિ. ત્યાર પછી આહારની વૃત્તિ થતાં આહાર માટે જતા, પણ બીજા છ મહિના સુધી આહારની વિધિનો યોગ બન્યો નહિ. જુઓ, પ્રભુના જન્મ અને દીક્ષા વખતે તો ઈંદ્રો સેવા કરવા આવ્યા હતા ને અત્યારે કોઈ દેવ પણ સંભાળ કરવા આવતા નથી ! તેમના પુત્ર—ભરતમહારાજાને ત્યાં વિધવિધ ભોજન થાય છે ને ઋષભદેવમુનિને છ-છ માસ આહારનો જોગ થતો નથી, ભરતને ય તેમની સંભાળનો વિકલ્પ આવતો નથી.—જ્યાં સુધી આહારનો જોગ થવાનો ન હોય ત્યાં સુધી એમ જ બને. જ્યારે આહારનો જોગ થવાનો વખત આવ્યો ત્યારે શ્રેયાંસકુમારને મંગળ-સ્વપ્નો આવ્યા, જાતિસ્મરણજ્ઞાન થયું અને તેમના ઘરે વિધિપૂર્વક આહારદાનનો પ્રસંગ બન્યો. આહાર ન મળ્યો ને મળ્યો—એ બંનેના, ભગવાન તો જાણનાર છે. આહારની વૃત્તિ આત્મામાં નથી, માન-અપમાનના ઉદયનું સ્થાન પણ આત્મામાં નથી.—એવા નિરપેક્ષ આત્મસ્વભાવને ભગવાન અનુભવતા હતા.

ધર્મીનું માપ બહારના માન-અપમાન ઉપરથી થતું નથી. મહા ધર્માત્માને છ માસ આહાર ન મળે ને અજ્ઞાની રોજ રોજ મિષ્ટાન્ન જમતો હોય. એ તો બધું કર્મપ્રકૃતિનું કાર્ય

**ત્યોં આશા કરકે અદૃષ્ટકી, તુમ સુદૃષ્ટ ફલકો ખોતે,**
**યોં તબ ચરિત દેખેં ઉલટેસે, કિન્તુ ઘટિત સબહી હોતે. ૯.**

છે. આત્મસ્વભાવમાં માન-અપમાનના વિકલ્પ ઉગવાની ભૂમિકા જ નથી. જેમ ઊંચે આકાશમાં ઝાડ ઉગતા નથી તેમ આત્માના શુદ્ધસ્વરૂપમાંથી માન-અપમાનના વિકલ્પો ઉત્પન્ન થતા નથી. ત્રિકાળી આત્મસ્વરૂપ તો નિર્વિકારી-ગુણોસ્વરૂપ છે; અજ્ઞાની ભલે ગમે તેવો વિકાર કરીને તેને પોતાનું સ્વરૂપ માને, પણ રાગાદિ વિકારભાવો એક સમયપૂરતા જ છે, તે ભાવો ત્રિકાળી આત્મસ્વરૂપમાં કદી એકમેક થતા નથી, આત્મસ્વરૂપમાં વિકાર ટકી શકતો નથી. આવા આત્મસ્વભાવને માનવો-જાણવો ને આદરવો તે ધર્મ છે.

પરમાર્થે રાગાદિ ભાવો આત્માનું સ્વક્ષેત્ર નથી; આત્માનું સ્વક્ષેત્ર ચૈતન્યમય છે, તેમાં રાગાદિ થતા નથી. રાગાદિ તો કર્મના ક્ષેત્રનો પાક છે. રાગાદિ ભાવો જો કે જીવના પર્યાયમાં થાય છે, પણ તે કર્મની ઉપાધિના કારણે થાય છે, અંતર્સ્વભાવમાં તે નથી. રાગ વખતે રાગરહિત જે અખંડ ચૈતન્યસ્વભાવ છે તેનો તો નકાર કરવો અને ઉપરના ક્ષણિક રાગને જ આત્મસ્વરૂપ માની લેવું તે મિથ્યાદર્શનશલ્ય છે. અને પર્યાયમાં રાગ હોવા છતાં શ્રદ્ધામાં તેનો નિષેધ કરીને રાગથી નિરપેક્ષ અખંડ આત્મસ્વભાવને સ્વીકારવો તે સમ્યગ્દર્શન છે. આત્માનો જે ત્રિકાળી પારિણામિક શુદ્ધભાવ છે તે જ ઉપાદેય છે, તેનું વર્ણન આ અધિકારમાં છે. તેને ઓળખીને તેના આશ્રયે પર્યાયમાં જે શુદ્ધભાવ પ્રગટે છે તે શુદ્ધભાવ મોક્ષમાર્ગ છે.

''એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું અને જેને જાણીને ભવ્ય જીવ મુક્તિને પામે છે, તે નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું.''

''પરમાત્મતત્ત્વ આદિ–અંત વિનાનું છે, દોષ રહિત છે, નિર્દ્વંદ્વ છે, અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે. જગતમાં જે ભવ્ય જનો તેની ભાવનારૂપે પરિણમે છે, તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે.''

''જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (–ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે–હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાય મને પર દ્રવ્ય છે.''

''શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી—આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.''

(ક્રમશઃ) ❊ *–નિયમસાર, શુદ્ધભાવ અધિકાર*

**કામ જલાયા તુમને સ્વામી, ઇસીલિયે બહુ ઉસકી ધૂલ,**
**શંભુ રમાઈ નિજ શરીરમેં, હોય અધીર મોહ મેં ભૂલ;**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, દ્રવ્યના એકત્વપણાનો નિશ્ચય કરે છે :—

**सव्वाणं दव्वाणं दव्वसरूवेण होदि एयत्तं ।**
**णियणियगुणभेएण हि सव्वाणि वि होंति भिण्णाणि ।।२३६।।**

અર્થ :—બધાંય દ્રવ્યોને દ્રવ્યસ્વરૂપથી તો એકત્વપણું છે તથા પોતપોતાના ગુણોના ભેદથી સર્વ દ્રવ્યો ભિન્નભિન્ન છે.

લોકો કહે છે કે આવું માનવાથી જંગલમાં બેસી જવું જોઈએ. પણ અરે ભાઈ ! દરેક તત્ત્વ પોતપોતાના સ્વરૂપમાં જ છે અને પરનો તેમાં અભાવ જ છે; માટે દરેક તત્ત્વ એકાંત જંગલમાં જ બેઠું છે. દ્રવ્યમાં પરનો પ્રવેશ છે જ નહીં. અસંગ ચેતનતત્ત્વને પરમાર્થથી પરનો સંગ નથી—એમ અસંગ તત્ત્વને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને નિર્વિકલ્પ અનુભવ કરવાની આ વાત છે.

એક દ્રવ્યની ત્રણકાળની પર્યાયો છે, તે પર્યાયોમાં કાળભેદ છે; માટે તે અલગ-અલગ છે. એક સમયમાં બે પર્યાય થતી નથી, દરેક પર્યાયનો કાળ અલગ-અલગ છે, માટે પૂર્વ પર્યાયના કારણે વર્તમાન પર્યાય થતી નથી પરંતુ ધ્રુવદ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે. માટે પર્યાયના આશ્રયની બુદ્ધિ ન રહી પણ ધ્રુવદ્રવ્યનો જ આશ્રય રહ્યો. પર્યાયનો કાળ એક સમયનો છે અને વસ્તુ તો ત્રિકાળ છે—એમ સમજવાથી ક્ષણિક પર્યાયના લક્ષ્ય તરફનો ઝુકાવ ધ્રુવવસ્તુ તરફ ઢળે છે અને ધ્રુવસ્વભાવના આશ્રયથી નિર્મળ પર્યાય થાય છે, તેનું નામ ધર્મ છે.

ભૂતકાળની પર્યાયનો વર્તમાનમાં અભાવ છે. જ્યાં સુધી તે ભૂતકાળની પર્યાય વર્તમાનમાં આવતી નથી તો તે શું લાભ-નુકસાન કરે ? ભવિષ્યકાળની પર્યાય વર્તમાનમાં આવતી નથી તો તેમાં તું શું કરીશ ? પરપદાર્થ તો તારામાં આવતા નથી તો તને શું લાભ-નુકસાન કરશે ?

આ સમજવાથી સમસ્ત વર્તમાન પર્યાયોને ધ્રુવસ્વભાવની સન્મુખ વાળીને, તેમાં જ એકાગ્ર થવાનું રહ્યું. પરનો તો પોતામાં અભાવ જ છે, માટે પરના આશ્રયની બુદ્ધિ

**વિષ્ણુ પરિગ્રહયુત સોતે હૈં; લૂટે ઉન્હેં ઇસીસે કામ,**
**તુમ નિર્ગ્રંથ જાગતે રહતે, તુમસે ક્યા છીને વહ વામ. ૧૦.**

રહી નહીં. એક પર્યાયનો બીજી પર્યાયમાં અભાવ છે; માટે પર્યાય જેટલી બુદ્ધિ રહી નહીં અર્થાત્ પર્યાયબુદ્ધિ રહી નહીં અને ધ્રુવદ્રવ્યનો જ આશ્રય કરવો રહ્યો. લોકના સમસ્ત પદાર્થ અને તેની ત્રણ કાળની પર્યાય જેમ છે તેમ સત્ છે. આહાહા! જીવ, એકલો જાણનહાર રહી ગયો. તેમાં વીતરાગભાવ જ છે. જુઓ, સંતોએ વસ્તુસ્વરૂપનું કેવું સુંદર વર્ણન કર્યું છે.

ભાઈ! બે પદાર્થ ક્યારેય એક થતા જ નથી અને એક દ્રવ્યની બે પર્યાયો ક્યારેય એક થતી નથી—તો તે એક-બીજાનું શું કરી દે? દરેક પદાર્થ સ્વતંત્ર અને તેનું દરેક સમયનું પરિણમન પણ સ્વતંત્ર! પર્યાયનો કાળભેદ છે પરંતુ પ્રદેશભેદ નથી. આત્માના અસંખ્યાત પ્રદેશમાં જ તેની સમસ્ત પર્યાય થાય છે. એક પર્યાયમાં જે અસંખ્યાત પ્રદેશ છે, તે જ પ્રદેશ ત્રણે કાળની પર્યાયોમાં છે. પ્રદેશ ભિન્ન-ભિન્ન નથી. પ્રથમ પર્યાય અમુક પ્રદેશોમાં થઈ અને બીજી પર્યાય બીજા પ્રદેશોમાં થઈ—એમ પ્રદેશભેદ નથી. એક જ દ્રવ્યની બધી પર્યાયો છે. આ પ્રમાણે વસ્તુમાં કથંચિત્ એકપણું અને કથંચિત્ અનેકપણું—એવો સ્વભાવ છે, તેમાં વિરોધ નથી—એમ વસ્તુસ્વભાવનું જ્ઞાન કરવું જોઈએ.

હવે, દ્રવ્યને ગુણ-પર્યાયસ્વભાવપણું દર્શાવે છે :—

**जो अत्थो पडिसमयं उप्पादव्वयध्रुवत्तसब्भावो ।**
**गुणपज्जयपरिणामो सो संतो भण्णदे समये** ।।२३७।।

અર્થ :—અર્થ એટલે વસ્તુ છે; તે સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણાના સ્વભાવરૂપ છે; અને તેને ગુણ-પર્યાય પરિણામસ્વરૂપ સત્ત્વ સિદ્ધાંતમાં કહ્યું છે.

ભાવાર્થ :—જીવાદિ વસ્તુ છે તે ઊપજવું, વિણસવું અને સ્થિર રહેવું એ ત્રણે ભાવમય છે, અને જે વસ્તુ ગુણ-પર્યાય પરિણામસ્વરૂપ છે તે જ સત્ છે. જેમ, જીવદ્રવ્યનો ચેતના ગુણ છે, તેનું સ્વભાવ-વિભાવરૂપ પરિણમન છે તથા સમયે સમયે પરિણમે છે તે પર્યાય છે. એ જ પ્રમાણે પુદ્‌ગલદ્રવ્યના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણ છે; તે સમયે સમયે સ્વભાવ કે વિભાવરૂપે પરિણમે છે તે પર્યાય છે. એ પ્રમાણે બધાં દ્રવ્યો ગુણ-પર્યાય પરિણામસ્વરૂપ પ્રગટ છે.

પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ પ્રતિસમય ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ રહે છે. આત્માની ઈચ્છાથી હાથનું હલન-ચલનરૂપ કાર્ય થતું નથી. ગરોળીની પૂછડી કપાઈ જાય તોપણ

**ઔર દેવ હોં ચાહે જૈસે, પાપ સહિત અથવા નિષ્પાપ,**
**ઉનકે દોષ દિખાનેસે હી, ગુણી કહે નહિં જાતે આપ;**

તેમાં કંપન રહે છે, તે તેના પરમાણુઓના કારણે છે—આત્માના પ્રદેશ હોવાથી ત્યાં કંપન થાય છે એમ નથી તથા ત્યાં જે આત્માના પ્રદેશ કંપાયમાન થાય છે, તે આત્માના કારણે જ થાય છે. પરંતુ પૂંછડીના પરમાણુઓના કારણે નથી થતું કારણ કે બંનેનો ઉત્પાદ-વ્યય સ્વતંત્ર છે; કોઈ એક-બીજાનું કારણ નથી. આત્માની પર્યાયમાં જે દુઃખભાવ થાય છે, તે તેના પોતાના કારણે છે, કોઈ રોગ આદિના કારણે નથી, કારણ કે રોગ તો શરીરમાં છે, આત્મામાં નથી; આત્મા તે રોગને પોતામાં માની લે છે, તે જ દુઃખ છે.

જીવ પોતે જ ચિંતા અથવા કલ્પના કરે છે. કોઈ આસ-પાસનો સંયોગ તેને ચિંતા અથવા કલ્પના કરાવતો નથી; આ પ્રમાણે પર્યાય પોતાના કારણે જ થાય છે—એમ જાણે તો પરની તરફ જોવાનું રહે નહીં પરંતુ પોતાના દ્રવ્ય તરફ જોવાનું રહે. પોતાને હેઠળ રહેલ વ્યક્તિના ધન, સમ્માન આદિમાં વૃદ્ધિ જોવાથી પોતાને જે ઈર્ષ્યા અથવા મનમાં આકુળતા થાય છે તે પોતાના જ કારણે થાય છે, પેલો માણસ મારાથી વધુ આગળ વધી ગયો આ કારણે નથી આ જીવ પોતે વ્યર્થની કલ્પના કરે છે તેનાથી દુઃખી છે.

જગતના પદાર્થોમાં ઉત્પાદ-વ્યય થાય છે, તેમાં આ મૂઢ જીવ ઘાલમેલ કરીને પોતાના ઉપર આકુળતા ઓઢી લે છે. હકીકતમાં દરેક દ્રવ્યના ઉત્પાદ-વ્યય સ્વતંત્ર છે તે તેના કારણે થાય છે, કોઈ તેમાં ફેરફાર કરી શકતા નથી—એમ જાણવાથી પોતાના જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવની તરફ ઝુકવાનું રહે છે અને આનાથી શાંતિ મળે છે અન્ય કોઈપણ કાર્ય આત્મામાં છે જ નહીં.

જુઓ, આ લોકભાવનાનું વર્ણન છે. આ બાર ભાવના સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, આ ભાવનાઓ ભવ્યજીવોને આનંદદાયિની છે. આત્મસ્વભાવ, ધ્રુવ નિત્યાનંદ છે, તેની સન્મુખ દૃષ્ટિ કરવાથી જેને શુદ્ધિ પ્રગટે છે. તે જીવને નિમિત્તબુદ્ધિ ઊડી ગઈ છે, વર્તમાન પુણ્ય-પાપની બુદ્ધિ છૂટી ગઈ છે અને પર્યાયના આશ્રયે ધર્મ માનવાની બુદ્ધિ પણ નાશ પામી છે. તેને તો ત્રિકાળ શુદ્ધ કારણપરમાત્મા—કારણશુદ્ધજીવ એકરૂપ નિત્યાનંદ-સ્વરૂપનું જ અવલંબન વર્તે છે. સમ્યગ્દર્શન પછી જ્ઞાનીને જે પુરુષાર્થની નબળાઈથી જે રાગ થાય છે તેમાં તેની રુચિ નથી. તે પરની અવસ્થાને પોતાને આધીન માનતો નથી. જે પર્યાય ક્રમબદ્ધ થવાયોગ્ય છે તે જ થાય છે—એમ માને છે. તેને તો 'હું રાગનો અભાવ કરું'—એવી પણ રુચિ નથી કારણ કે રાગ તો એક સમયમાત્રનો છે, તેનો અભાવ કરું—એવી ઇચ્છા થાય છે પણ તેનાથી લાભ માનવાવાળો તો મિથ્યાદૃષ્ટિ છે.

**જૈસે સ્વયં સરિતપતિ કી અતિ, મહિમા બઢી દિખાતી હૈ,**
**જલાશયોંકે લઘુ કહનેસે, વહ ન કહીં બઢ જાતી હૈ. ૧૧.**

હું ઈચ્છા કરીને હાથ ચલાવી શકું છું—એમ માનવાવાળો મિથ્યાદૃષ્ટિ છે, કારણ કે ઈચ્છા ચારિત્રગુણની વિપરીતપર્યાય છે, તેનું કાર્યક્ષેત્ર જીવતત્ત્વમાં છે. પુદ્ગલની પર્યાયનો સ્વામી જીવ નથી. સમ્યગ્દૃષ્ટિની ભાવના જ્ઞાયકસ્વભાવ તરફ જામી ગઈ છે. તેને સ્વ-પરપ્રકાશક જ્ઞાનની પર્યાય વિકાસ પામી ગઈ છે. તે સ્વ-પરને સ્વતંત્ર જાણે છે—એવી જ્ઞાનીને બાર ભાવના હોય છે. તેને ભૂમિકાનુસાર રાગ આવે છે પણ તે ભાવના નથી કારણ કે ભાવના તો સંવરનો ભેદ છે અને રાગ તો આસ્રવતત્ત્વ છે.

જ્ઞાની જાણે છે કે— ૧. નિમિત્તથી ધર્મ થતો નથી, ૨. રાગમાંથી ધર્મ આવતો નથી અને ૩. એક પર્યાયમાંથી બીજી પર્યાય આવતી નથી.

માટે આ ત્રણેયની દૃષ્ટિ છૂટીને જે ધ્રુવસ્વભાવની દૃષ્ટિ થઈ છે, તેને સ્વભાવની સન્મુખતાથી સાચી બાર વૈરાગ્યભાવના હોય છે અને દરેક પળે શુદ્ધતા અને આનંદની વૃદ્ધિ થતી જાય છે. આ પ્રમાણે આ બાર ભાવના ભવ્યજીવો માટે આનંદને જન્મદેનારી છે.

અહીં લોકભાવનાનું વર્ણન છે, લોકમાં અનંત પદાર્થ સ્વતંત્ર છે, તેમાં દરેક ક્ષણે પર્યાય થાય છે, તે પરથી નિરપેક્ષ છે. દરેક સમયની પર્યાય પણ અહેતુક સત્ છે. દરેક પદાર્થ એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય—એમ ત્રણ ભાવમય છે. ગુણ-પર્યાયસ્વરૂપ વસ્તુ સત્ છે, તેમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણે ભાવ છે. વ્યય પણ સર્વથા અભાવરૂપ નથી, તે તો સત્ છે. જીવનો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જીવમાં અને શરીરનો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય શરીરમાં, આહારના પરમાણુઓનો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય આહારમાં છે તો પછી આહારને કારણે જીવના પરિણામ સુધરે અથવા બગડે છે, આ વાત જ ક્યાં રહી ? શું આહારને કારણે જીવના ઉત્પાદ-વ્યય છે ?

જેમને સહજસ્વભાવનું જ્ઞાન થઈને જેટલો રાગનો અભાવ થયો છે, ત્યાં બાહ્યમાં જ તેમને સદોષ આહાર ઈત્યાદિ નથી હોતો પરંતુ આત્મા તેનો કર્તા કે છોડવાવાળો નથી. અજ્ઞાની તો આહારાદિની કર્તાબુદ્ધિમાં જ અટકી જાય છે. હું મારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભાવમાં વર્તું છું અને પરના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરમાં વર્તે છે. મારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરમાં નથી વર્તતા અને પરના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં હું વર્તતો નથી. આ પ્રમાણે સ્વ-પરની વસ્તુઓ ભિન્ન-ભિન્ન છે, તેમાં કોઈના કારણે કોઈમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય નથી. આવા ભાનપૂર્વક સ્વભાવના અવલંબનથી ધર્મી જીવનો રાગ ઘટતો જાય છે, આનું નામ ભાવના અને સંવર છે. (ક્રમશઃ) ❋

કર્મસ્થિતિકો જીવ નિરન્તર, વિવિધ થલોંમેં પહુંચાતા,
ઔર કર્મ ઇન જગ-જીવોકો, સબ ગતિયોંમેં લે જાતા;

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૪, ગાથા - ૧૭)

## ભોગ-ઉપભોગનું આદિ-મધ્ય-અંતમાં અત્યંત દુઃખમયપણું

મારાં પુણ્યે મને ધન મળ્યું એવી તારી માન્યતા પણ પાગલપણું છે કેમ કે તું જીવ છો અને પુણ્યના કારણે બંધાયેલા કર્મો તે જડ છે. હવે જડ કદી જીવના બને ખરા ! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું થાય ? કદી ન થાય—માટે કહે છે કે બધાં પરદ્રવ્યોમાંથી સુખબુદ્ધિ છોડીને આ આત્મા આનંદમૂર્તિ અનંત આનંદની ખાણ અનંત લક્ષ્મીનો સાગર છે તેની અંતર રુચિ અને દૃષ્ટિ કરવી તે જ લાભદાયક છે તે સિવાય કોઈ પણ પુણ્યના ભાવથી કે પુણ્યના ફળરૂપ લક્ષ્મીથી કે શરીરની અનુકૂળતાથી આત્માને લાભ થાય એ માન્યતા તદ્દન મિથ્યાત્વ-અધર્મ-મહાપાપ છે. સાત વ્યસનના પાપ કરતાં પણ આવા મિથ્યાત્વનું પાપ મોટું છે. ખરેખર મિથ્યાત્વ એ જ પાપ છે.

ઘણા સમકિતી હોય અને ભોગ ભોગવતા હોય છતાં એ રાગનો દોષ છે પણ તેમાં તેને સુખબુદ્ધિ નથી. ભોગમાં સુખબુદ્ધિ નથી. માટે એમ પણ કહેવાય કે જ્ઞાની ભોગ ભોગવતા જ નથી. અજ્ઞાની બહારથી ભોગનો ત્યાગ કરે એ સાચો ત્યાગ નથી. પણ ભોગમાંથી સુખબુદ્ધિનો ત્યાગ કરે એ જ સાચો ત્યાગ છે.

અજ્ઞાની જીવના ભિખારાવેડાનો પાર નથી છતાં તે માને કે અમે હોશિયાર છીએ. ધંધામાં કેટલું કષ્ટ સહન કરવું પડે. પસીના ઊતરી જાય એટલી મહેનત કરવી પડે. હલકા માણસને પણ પાંચ પૈસાની કમાણી કરવાના લોભે માન દઈને બે વાર બોલાવવા પડે. આટલા-આટલા ભિખારાવેડા કરે અને છતાં માને કે આ તો કમાવાની કળા છે, અમારી હોશિયારીથી અમે કમાઈએ છીએ, કમાવવામાં ગ્રાહકની આટલી તો દીનતા કરવી પડે અને માને કે મને કમાવાથી સુખ થાય છે.

હવે કહે છે કે એટલું તો અમે માનવા તૈયાર છીએ કે રળવામાં-કમાવામાં ક્લેશ ને આકુળતા છે પણ સુખ નથી. પણ એ તો કહો કે પૈસાથી જે ભોગ ભોગવીએ છીએ તેમાં અમને સુખ થાય છે તે તો સાચું ને ! હીંડોળે હીંચકવા મળે, સ્ત્રી પંખો નાંખતી હોય, લાડવાના થાળ ભર્યા હોય, ભોજનની થાળીમાં માખી ન પડે તેનું ધ્યાન રખાતું

યોં નૌકા નાવિકકે જૈસે, ઇસ ગહરે ભવ-સાગરમેં,
જીવ કર્મકે નેતા હો પ્રભુ, પાર કરો કર કૃપા હમેં. ૧૨.

હોય—આ બધા વૈભવો અને આકુળતા તો સુખનું કારણ છે ને ! તો કહે છે કે અરે ભાઈ ! કોણ તને અનુકૂળતા આપે અને કોણ તારી સેવા કરે ? એ તો બધાં પરદ્રવ્ય છે અને વળી ભોગોથી તો ઊલટી તૃષ્ણા વધે છે. એક-બીજાની દેખાદેખી અને ઈર્ષ્યા થાય છે. ભાઈ ! સુખ માનવામાં તારી ગણતરી ખોટી થાય છે. મિથ્યાત્વ પોષાય છે. તારું સુખ તો આત્મામાં છે ભાઈ ! એક પરદ્રવ્ય-રજકણની પણ તારે જરૂર નથી. તું તારાથી પૂરો છો, તારામાં જ અતીન્દ્રિય આનંદ ભર્યો છે. માટે હવે અંતરમાં જો...જો...તારી દૃષ્ટિ ફેરવ, બહારમાં-પરદ્રવ્યમાં ક્યાંય તારું સુખ નથી. તારું સુખ તારામાં છે. ત્યાં દૃષ્ટિ કર ! તો તને સુખનો અનુભવ થશે. એ જ સુખ સાચું છે. સાધ્ય પણ તું છો અને સાધન પણ તું છે. તારે સુખ પ્રગટ કરવા માટે બહારના સાધનોની જરૂર નથી.

કમાવાના ટાઈમે તો સુખ નથી પણ ભોગ ભોગવતી વખતે પણ સુખ નથી. જેમ જેમ ભોગના સાધન વધે છે તેમ તેમ તૃષ્ણા વધતી જાય છે. પાંચ લાખ થાય ત્યાં દશ લાખ ભેગા કરવાની તૃષ્ણા જાગે છે. તૃષ્ણાથી જીવ દુઃખી થાય છે. જગતની ચીજ જગતમાં આવે ને જાય તેમાં જીવ કાંઈ ફેરફાર કરી ન શકે પણ મમતાના પોઠિયા જીવો ધૂમાડાના બાચકા ભરવા જાય છે પણ ભાઈ એ હાથમાં નહીં આવે. પરદ્રવ્યના પરમાણુ આવવાના હોય તે આવે અને જવાના હોય તે જાય, તે રોક્યાં રહે નહિ ને ટાળ્યા ટળે નહિ.

મનુષ્યની તૃષ્ણાનો પાર નથી. વધતાં-વધતાં વિશ્વ જેટલી તૃષ્ણા વધી જાય છે. તૃષ્ણાનો ખાડો કદી પુરાય તેમ નથી. જો ભોગ ભોગવીને સંતોષ પામે તો તો તૃષ્ણાનો અંત આવી જાય પણ એમ બનતું જ નથી. ભોગ ભોગવ્યાં છતાં મનમાંથી આસક્તિ જતી નથી માટે જ કહે છે કે ધન રળવામાં પણ પાપ, રાખવામાં પણ પાપ, ભોગ ભોગવવામાં પણ અતૃપ્તિ અને અંતે આસક્તિ નહિ જાય. ગૃદ્ધિ છૂટશે નહિ. માટે ક્યાંય સુખ નથી, તૃપ્તિ નથી, સંતોષ નથી. એ સાબિત કરવા આચાર્યદેવ દૃષ્ટાંત આપે છે કે કદાચિત્ ઘાસ ને લાકડાંના ઢગલાથી અગ્નિ તૃપ્ત થઈ જાય, સેંકડો નદીના પાણીથી સમુદ્ર તૃપ્ત થઈ જાય પરંતુ આ મૂઢની તૃષ્ણાનો, ઈચ્છિત ભોગો મરતાં સુધી ભોગવવા છતાં અંત આવતો નથી. તૃષ્ણામાં ને તૃષ્ણામાં મરીને નરકે ચાલ્યો જાય છે.

સમજાણું કાંઈ ! મૂઢને ભોગમાં મીઠાશ વેદાય છે. અત્યારે ઘડપણમાં કાંઈ ધંધો ન હોય તો પહેલાં પોતે કરેલું હોય એ બધું યાદ કરીને અભિમાન કરે, મીઠાશ વેદે, માટે અહીં કહે છે કે ઈચ્છા તો લાંબી-લાંબી ચાલ્યા જ કરે, તું તેનાથી છૂટો પડી જા !

ગુણકે લિએ લોગ કરતે હૈં; અસ્થિ-ધારણાદિક બહુ દોષ,<br>ધર્મહેતુ પાપોંમેં પડતે, પશુવધાદિકો કહ નિર્દોષ;

મૂઢ જીવ આ વિષયરૂપી હળાહળ વિષ જબરદસ્તી ખાઈને દુર્ગતિમાં રખડે છે. દોડી-દોડીને હોંશથી ચારગતિમાં ભટકાવનારા વિષયરૂપી વિષને સેવે છે. મેડીએથી ઉકળતા તાવડામાં પડેલા સર્પને માંડ કોઈએ કાઢ્યો ત્યાં દોડીને બચવા માટે સર્પ ચૂલામાં ઘૂસ્યો ને બળીને ખાખ થઈ ગયો. તેમ આ અજ્ઞાની જીવો તૃષ્ણાવશ પોતાના ચિદાનંદ મૂર્તિ ભગવાન આત્માની શ્રદ્ધા છોડી, પ્રેમ છોડી—એમાં સુખ છે એવી દૃષ્ટિ છોડી, વિષયમાં સુખ છે એમ માની ગજબના વિષયરૂપી વિષનું સેવન કરે છે. અનંતા ભવો કર્યા પણ ક્યાંય તે ચેત્યો નહિ. દેવ થયો, અબજોપતિ રાજા થયો, કેટલા કેટલા ભોગ ભોગવ્યા છતાં શાંતિ ન મળી તોપણ સમજીને ચેત્યો નહિ. ઊલટો હજી તો લઉં....લઉં.... ને લઉં..—ઝેર ખાઉં...ખાઉં...ને ખાઉં. પરાણે દોડીને વિષયરૂપી વિષ ખાવા જાય છે એને ખબર નથી પણ મૂઢપણે આમ દોડી રહ્યો છે.

ભોગ ઉપભોગની શરૂઆતમાં પણ ક્લેશ, મધ્યમાં પણ અશાંતિ ને અંતમાં પણ ક્લેશ એટલે કે કમાવામાં પણ આકુળતા અને ક્લેશ છે. ભોગ ભોગવતી વખતે પણ અતૃપ્તિની અશાંતિ છે અને પછી પણ તૃષ્ણાની લાળથી જીવ દુઃખી થાય છે. આબરૂ માટે પણ જીવ અડધો થઈ જાય છે. એમ નથી સમજતો કે એ તો બધાં પુણ્ય-પાપના લેખાં છે. તેની સાથે મારા આત્માને કાંઈ સંબંધ નથી.

પાંચ ઈન્દ્રિયો દ્વારા ભોગ ભોગવીને જાણે મને સુખ થશે, તૃપ્તિ થશે એવી મિથ્યા કલ્પના કરે છે. પુણ્ય-પાપના ફળથી મને લાભ થશે એવી મિથ્યા માન્યતા કરે છે તેને કહે છે ભાઈ ! આવી મિથ્યા માન્યતાઓ છોડી દે. ભાઈ ! શાંતિનું સુખનું ધામ તું પોતે જ છો ત્યાં નજર કર ! તું તારો પોતાનો વિશ્વાસ કર ત્યારે તને શાંતિ થશે ભાઈ !

(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૩ થી ચાલુ) (વૈરાગ્ય અનુપ્રેક્ષા)

—પણ, જેમ આંધળો ને લૂલો માણસ શત્રુ વડે ઘેરાઈ જાય છે તેમ તત્ત્વનો અજાણ અને તેની સ્મૃતિ વગરનો જીવ દોષરૂપી શત્રુઓ વડે ઘેરાઈ જાય છે. (૧૮૫૦)


પરીષહ—સૈન્યના ઘેરા વચ્ચે પણ સમ્યક્ત્વને ન છોડવું તેમ જ સુનિશ્ચિત તત્ત્વને ન ભૂલવું, તેને આરાધના કહેવામાં આવી છે. (૧૮૫૧)

(ઈતિ સંવર—ભાવના)

**સુખહિત નિજ તનકો દેતે હૈં, ગિરિપાતાદિ દુઃખમેં ઠેલ,**
**યોં જો તવ મતબાહ્ય મૂઢ વે, બાલૂ પેલ નિકાલેં તેલ. ૧૩.**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા – ૫)

સંસારમાં જીવનો ઘણો કાળ તો નિગોદમાં જ વીત્યો છે. સકરીયું, બટેટું વગેરે કંદમૂળની રાઈ જેવડી ઝીણી કટકીમાં અસંખ્યાત ઔદારિક શરીર છે; એકેક શરીરમાં અનંતા જીવો છે;–કેટલા? કે અત્યાર સુધી જે અનંત સિદ્ધ થયા તેના કરતાં અનંતગુણા નિગોદ જીવો એકેક શરીરમાં છે. તેમાંથી નીકળીને ત્રસપણું પામવું એટલે કે ઈયળ કે કીડી વગેરેમાં આવવું–તે પણ કેટલું ચિંતામણિસમાન દુર્લભ છે! તે વાત હવેની ગાથામાં કહેશે.

### ત્રસપર્યાયની દુર્લભતા

સંસારમાં ભમતાં જીવને પંચેન્દ્રિય થઈને સમ્યક્ત્વાદિ પામવું–એ તો કોઈ અપૂર્વ છે; પરંતુ એકેન્દ્રિયમાંથી બહાર નીકળીને બેઇંદ્રિયાદિ ત્રસપર્યાય પામવી તે પણ કેવું દુર્લભ છે? એ વાત કહે છે:—

दुर्लभ लही ज्यों चिन्तामणि, त्यों पर्याय लही त्रसतणी ।
लट पिपील अलि आदि शरीर, धर धर मर्यो सही बहु पीर ।।५।।

જેમ ચોક વચ્ચે ચિન્તામણિ પ્રાપ્ત થવો દુર્લભ છે, તેમ નિગોદ અને એકેન્દ્રિયમાંથી નીકળીને ઈયળ-કીડી-ભમરો (બેઈન્દ્રિય–ત્રીઈન્દ્રિય–ચતુરીન્દ્રિય) એવા વિકલત્રયરૂપ ત્રસપર્યાય પણ ઘણી દુર્લભતાથી પ્રાપ્ત થાય છે, ને તેમાં શરીર ધારણ કરી કરીને પણ જીવ ઘણી પીડા પામે છે. ઈયળ વગેરે જીવોને મહા દુઃખ છે, નરક કરતાંય તેમને વધુ દુઃખ છે; જેમને પાંચ ઇન્દ્રિય પણ પૂરી નથી, વિચારશક્તિ પણ નથી, તેથી તે જીવોને 'વિકલ' કહેવાય છે. એકેન્દ્રિયમાંથી નીકળીને માંડ ક્યારેક વિકલત્રયમાં આવે, તેમાં હાથી વગેરેના પગે કચરાઈને મરે, પાણીમાં તણાઈ જાય, અગ્નિમાં ભસ્મ થઈ જાય, બીજા ચકલા વગેરે તેને ખાઈ જાય–એમ અત્યંત પીડા સહિત મરીને પાછા એકેન્દ્રિયમાં ઊપજે. વિકલત્રયમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ કરોડ પૂર્વ છે. વિકલત્રયમાંથી પંચેન્દ્રિયપણું પામવું તે દુર્લભ છે.

જુઓ, આ દુર્લભતા બતાવીને શું કહેવા માંગે છે? એમ કહે છે કે રે જીવ! જે

**विषनाशक मणि मंत्र रसायन, औषधके अन्वेषणमें,**
**देखो तो ये भोले प्राणी, फ़िरें भटकते वन वन में;**

ભાવથી અનંતા લાંબાકાળ સુધી તેં એકેન્દ્રિયપણામાં આવા દુઃખો સહન કર્યા તે મિથ્યાત્વાદિ ભાવોને છોડીને, મોક્ષસુખને સાધવાનો આ અવસર તને મળ્યો છે. આવો અવસર મળવો બહુ મોંઘો છે; માટે જાગૃત થઈને એવું વીતરાગવિજ્ઞાન કરજે કે ફરીને સંસારના આવા દુઃખ સ્વપ્નેય ન મળે. બહુ–બહુ દુઃખ ભોગવ્યા, હવે તો એનો અંત આવે–એવો ઉપાય કર.

જેમ મનુષ્યોને ચિંતામણિ ક્યારેક મહા પુણ્યે મળે છે, વારંવાર નથી મળતા, તેમ સંસારમાં જીવોને એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિયપણાની તો શી વાત, પણ બેઈન્દ્રિયપણું મળવું તે પણ ચિન્તામણિ પામવા જેવું દુર્લભ છે. ક્યારેક વિશુદ્ધ પરિણામના બળથી જીવ એકેન્દ્રિયમાંથી નીકળીને ત્રસમાં આવે છે. અરે, ઈયળ અને કીડી થવું પણ જ્યાં દુર્લભ ત્યાં મનુષ્યપણાની દુર્લભતાની તો શી વાત? ભાઈ! તું તો મનુષ્યપણા સુધી આવ્યો છો, તો ભવભીરુ થઈને હવે એવો ઉપાય કર કે આત્મા ચારગતિનાં દુઃખથી છૂટે. જેમ મધદરિયે ફેંકેલું રત્ન ફરી હાથમાં આવવું મુશ્કેલ, તેમ જો આત્માની દરકાર વગર આ મનુષ્યપણારૂપી રત્ન ગુમાવ્યું તો સંસારસમુદ્રમાં તે ફરી હાથ આવવું મુશ્કેલ છે. જગતને પથ્થર જેવા હીરાની કિંમત ભાસે છે ને તે મળતાં રાજી થાય છે, પરંતુ ઊંચા હીરાના ઢગલા આપતા પણ જે ન મળે એવો આ મનુષ્યપણારૂપી હીરો મળ્યો છે, તેની કિંમત કરીને આત્માને કેમ સાધતો નથી? મનુષ્યપણામાં જો આત્માને સાધે તો જ તેની કિંમત છે; પણ જે જીવ વિષય કષાયોમાં જ જીવન ગુમાવે તેના મનુષ્યપણાની તો કોડીનીયે કિંમત નથી; એ તો મનુષ્યપણું પૂરું કરીને નરકાદિમાં ચાલ્યો જશે.

ઈયળ–કીડી–ભમરો વગેરે જીવો મહા દુઃખી છે. ઈયળ થાય ને કાગડો ખાઈ જાય, કીડી થાય ને પગ નીચે કચરાઈ જાય; ભમરો થાય ને કમળમાં પૂરાઈ જાય; કદાચ એવો સંયોગ ન થાય તોપણ મોહની તીવ્રતાને લીધે તે જીવો નિરંતર દુઃખી–દુઃખી જ છે; જેમ અતિશય મારથી મનુષ્ય બેભાન થઈ જાય છે. તેમ અતિશય દુઃખની વેદનાથી તે જીવોની ચેતના મૂર્છાઈ ગઈ છે, તેઓ અતિશય બેભાન થઈ ગયા છે. એકેન્દ્રિય અને પંચેન્દ્રિય એ બેની વચ્ચેના જીવોને વિકલેન્દ્રિય કહેવાય છે. એકેન્દ્રિયમાંથી વિકલેન્દ્રિયપણું પામવું તે પણ દુર્લભ છે. જોકે એકેન્દ્રિયમાંથી વિકલેન્દ્રિય થઈને પછી જ પંચેન્દ્રિયપણું થાય—એવો નિયમ નથી; કોઈ જીવો વચ્ચે વિકલેન્દ્રિયપણામાં આવ્યા વગર એકેન્દ્રિયમાંથી સીધા પંચેન્દ્રિય પણ થાય છે;—જેમકે ભરતના ૩૨૦૦૦ પુત્રો,—તેઓ નિગોદમાંથી સીધા મનુષ્ય થઈ તે જ ભવે મોક્ષ પામ્યા.

**સમઝ તુમ્હેં હી મણિમંત્રાદિક, સ્મરણ ન કરતે સુખદાયી,**
**ક્યોંકિ તુમ્હારે હી હૈં યે સબ, નામ દૂસરે પર્યાયી. ૧૪.**

અહીં તો એમ કહેવું છે કે એકેન્દ્રિયમાંથી માંડમાંડ નીકળીને બે–ત્રણ કે ચાર ઇન્દ્રિયપણું પામે, તો તેમાં પણ મિથ્યાત્વાદિને લીધે જીવ મહા દુઃખી જ છે. મિથ્યાત્વભાવને મટાડવાનો ઉદ્યમ કરવો તે જ દુઃખથી છૂટવાનો ઉપાય છે. આનંદનો પુંજ પ્રભુ આત્મા પણ, તે પોતે પોતાને ભૂલીને દેહબુદ્ધિથી દુઃખી થઈ રહ્યો છે; એને ખબરેય નથી કે હું જીવ છું ને મારામાં તો સુખનો ભંડાર ભર્યો છે. અત્યારે મનુષ્ય થઈને એનું ભાન કરવાનું ટાણું આવ્યું ત્યાં બહારની સગવડમાં ને માન–અપમાન જોવામાં રોકાઈ ગયો! અરે, તારાં દુઃખ દેખીને જ્ઞાનીઓને કરુણા આવે છે....તેથી તે દુઃખ મટાડવાનો ઉપાય ઉપદેશે છે.

આત્માનો ચેતના સ્વભાવ છે; પણ પોતાના ચૈતન્યભાવને ભૂલીને તે અજ્ઞાનચેતનારૂપ થયો, ને અજ્ઞાનથી રાગ–દ્વેષને કરવારૂપ કર્મચેતના, તથા દુઃખને ભોગવવારૂપ કર્મફળચેતનારૂપ થયો. એકેન્દ્રિયપણામાં તો દુઃખવેદનરૂપ કર્મફળચેતનાની જ મુખ્યતા હતી; ત્રસપણું પામ્યો તેમાં પણ રાગ–દ્વેષરૂપ કર્મચેતનામાં જ મશગૂલ રહીને દુઃખને ભોગવે છે. કર્મ અને કર્મફળ બંનેથી ભિન્ન જ્ઞાનચેતનાને જ્યાં સુધી ન અનુભવે ત્યાં સુધી જીવને સુખ થાય નહિ. જ્ઞાનચેતના પોતે આનંદરૂપ છે. જ્ઞાનચેતના જ મોક્ષનું કારણ છે. જ્ઞાનચેતના કહો કે વીતરાગવિજ્ઞાન કહો.

ભાઈ, તારી ચેતનાને ભૂલીને જડ શરીરના ક્લેવરમાં તું મોહ્યો, તેથી તેં ઘણા શરીરો ધારણ કર્યા ને છોડ્યા, તેમાં તેં ઘણી પીડા સહન કરી. આત્મા તો કાંઈ મરી નથી જતો, પણ દેહબુદ્ધિને લીધે જન્મ–મરણનાં દુઃખો તેણે સહન કર્યા....ને ક્ષણેક્ષણે ભાવમરણમાં મર્યો. જુઓને, એક આંગળી કચડાતાં પણ મોહથી કેવી રાડ નાંખે છે! તો જેણે શરીરને જ સર્વસ્વ માન્યું છે તેને આખું શરીર છૂટતાં દુઃખ થયા વગર રહેશે નહિ. લાંબી ઈયળ હોય ને માથે પથરો પડે ત્યાં અડધું શરીર પથ્થર નીચે કચડાઈ જાય, એ બહાર કાઢવા જોર કરવા જાય ત્યાં તે તૂટી જાય, ને પછી ટળવળી–ટળવળીને મરે. અનંતકાળથી આવા મરણ કરી રહ્યો છે. દેહ વગરનું પોતાનું અસ્તિત્વ છે–તે તો કદી જાણ્યું નથી, તો તે સુખ શેમાંથી લેશે? દેહમાં તો કાંઈ સુખ છે નહિ, દેહની મૂર્છામાં તો દુઃખ જ છે.

એકેન્દ્રિયપણામાંથી છૂટીને શુભ પરિણામથી માંડમાંડ ત્રસપણું પામ્યો, તો ત્યાં પણ દુઃખ જ અનુભવ્યું. કીડી–મકોડો થયો હોય ને શેરડીના રસનો સ્વાદ લેવા ચોંટ્યો હોય ત્યાં શેરડીના રસની સાથે તે પણ ઊકળીને સેકાઈ જાય; લાકડાની વચ્ચે કીડો થયો હોય ને

**હે જીનેશ, તુમ અપને મનમેં, નહીં કિસીકો લાતે હો,**
**પર જિસ કિસી ભાગ્યશાલીકે, મનમેં તુમ આ જાતે હો;**

ચૂલામાં લાકડા સાથે ભડભડ સળગી જાય; ઊધઈ હોય ને તડકામાં સેકાઈને સમસમી જાય. આ તો જે બહાર દેખાય તેની થોડીક વાત કરી, અંદર તો એ બિચારા અસંજ્ઞી પ્રાણી અનંતું દુઃખ વેદી રહ્યા છે, ક્યાં જઈને એ પોતાના દુઃખનો પોકાર કરે ? કોઈ એને મારે–કૂટે–બાળે તો કોની પાસે જઈને ફરિયાદ કરે કે અમને આ જીવો મારી નાંખે છે! બાપુ! તારી ભૂલે તું દુઃખી થયો, ને વીતરાગવિજ્ઞાન વડે તું જ તારા આત્માને દુઃખથી છોડાવ.—બીજા તો શું કરે! બીજા કાંઈ તને દુઃખ દેનાર પણ નથી ને બીજા તને દુઃખથી છોડાવનાર પણ નથી. જીવ પોતે જ પોતાનો શત્રુ છે ને પોતે જ પોતાનો મિત્ર છે. જીવ પોતે જ પોતાના સવળા કે ઊંધા ભાવ અનુસાર સુખી કે દુઃખી થાય છે, કોઈ બીજો તેને સુખી–દુઃખી કરતો નથી.

જ્યાં સુધી દેહથી ભિન્ન પોતાનું સ્વરૂપ ન સંભાળે ત્યાંસુધી 'भूल आपको भरमतवादी' જીવ દુઃખી થઈને સંસારમાં જ રખડે છે. જેમ બારોટ જૂની–પુરાણી વાતો સંભળાવે તેમ અહીં સન્તો જીવના પરિભ્રમણની કથા સંભળાવે છે; ભાઈ! પૂર્વે તેં કેવા કેવા દુઃખો સહન કર્યા. તેનું કારણ શું, ને તેનાથી હવે કેમ કરીને છૂટાય તેની વાત સન્તો તને સંભળાવે છે.

પ્રથમ તો એકેન્દ્રિયમાંથી નીકળીને ત્રસ થવું મોંઘું, અને ત્રસ થાય તેથી કાંઈ દુઃખથી છૂટી જવાતું નથી. થોડા વર્ષો પહેલાં ચોમાસામાં અહીં (સોનગઢમાં) સ્વાધ્યાયમંદિરના ઈશાન ખૂણે જમીનના દરમાંથી મોટીમોટી પાંખોવાળા જીવડાના થોકેથોક નીકળતા હતા, તે જેવા દરમાંથી નીકળે કે તરત કાગડા–ચકલાં વગેરે બીજા પંખી તેને ચાંચમાં પકડીને ખાઈ જતા હતા. હજી તો બિચારાં ઊપજીને દરમાંથી માંડ બહાર આવ્યા ત્યાં તો સીધા કાગડા એને ખાઈ ગયા. અરે, આવું સાંભળીને કે નજરે દેખીને પણ જીવની આંખ ઊઘડતી નથી,–જાણે કે એ તો બધું બીજાને માટે જ હોય! અરે ભાઈ, આવું તો અનંતવાર તેં પણ સહન કર્યું; પણ અત્યારે સાતાના ઘેનમાં તું એ બધું ભૂલી ગયો! બીજાને જેવા દુઃખ પડે છે તેવા બધા દુઃખ અનંતવાર તું પણ ભોગવી ચૂક્યો છે. માટે હવે સાવધાન થઈને સમજણ કર. બાપુ! માનવપણાં બહુ મોંઘા છે, ને તેમાંય ધર્મ સાંભળવો ને સમજવો તે તો બહુ દુર્લભ છે. ઘણા જીવો તો ધર્મના નામે પણ રાગમાં ને પુણ્યમાં ફસાઈ જાય છે. અને અત્યારે તો જુઓને, બહારની પદવી મેળવવા માટે માણસો કેવી ધમાધમ કરે છે ને રાગ–દ્વેષ કરીને કેવા હેરાન થાય છે? પણ પોતાની ચૈતન્યપદવી મેળવવા માટે કાંઈ ઉદ્યમ ખરો?–એની કાંઈ કિંમત ખરી? બાપુ! બહારના પદમાં તો તારું કાંઈ કલ્યાણ નથી, અનંતવાર એ પદવી મળી તોય તું સંસારમાં જ રહ્યો; અંદરમાં ચૈતન્યપદને એકવાર પણ પ્રાપ્ત કર તો તારી મુક્તિ થાય ને તને મહાન સુખ મળે. આવો અવતાર ને તેમાંય આવો સુઅવસર માંડ મળ્યો છે...તો તે એળે ન ગુમાવીશ. (ક્રમશઃ) ❊



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

સાધ્ય-સાધકની વાત ચાલે છે. સમ્યક્ભાવ સાધ્ય છે ને વસ્તુનો જાતિસ્વભાવ સિદ્ધ થવો સાધ્ય છે. આત્માના દ્રવ્ય-ગુણ ને પર્યાયની સમ્યક્ પ્રકારે શુદ્ધિ થવી તે સાધક છે ને આવા જ દ્રવ્ય-ગુણ-પર્યાય હોય એમ વસ્તુની જાતિ સિદ્ધ થવી તે તેનું પરિણામ અથવા ફળ છે.

(૨) સમ્યક્ભાવ સાધક છે ને વસ્તુસ્વભાવ જાતિ સિદ્ધ થવી સાધ્ય છે.

(અ) પહેલાં ગુણની વ્યાખ્યા કરે છે. બધા ગુણો અસહાય સ્વતંત્ર છે, એમ સિદ્ધ કરે છે. કોઈને લીધે કોઈ ગુણ નથી. દરેક ગુણ સ્વયંસિદ્ધ છે. સમ્યક્ભાવ તેને કહીએ જે બધા ગુણોને સિદ્ધ કરે. ચારિત્ર ચારિત્રને લીધે છે. શ્રદ્ધા શ્રદ્ધાને લીધે છે એમ નક્કી કરવું જોઈએ. જ્ઞાન પૂર્ણ અવસ્થાને પામે એવો તેનો ગુણ છે. ગુણને આવરણ ન હોય ને તે અભેદરૂપ પૂર્ણ પ્રગટે, ત્યાં આવરણ ન હોય. જ્ઞાનગુણમાં હીણું પરિણમન થાય છે તે તેનું સ્વરૂપ નથી. એક સમયમાં પૂર્ણ જ્ઞાન પ્રગટ થાય એવો મારો ગુણ છે, એમ નિર્ણય કરવો તે સમ્યક્ભાવ છે. જેવા ગુણો છે તેવી તેની યથાર્થ જાતિને નક્કી કરે તો આત્માનો અનુભવ થાય. જ્ઞાનગુણની શક્તિ એવી છે કે તે અભેદ રહીને સ્વ-પર બધાને જાણે. આ એક ગુણનો ન્યાય આપ્યો.

શ્રદ્ધાગુણનું એમ નક્કી કરવું જોઈએ કે શ્રદ્ધામાં આવરણ ન હોય તેમ જ વિપરીતપણું હોવું ન જોઈએ—એવો શ્રદ્ધાગુણ છે. એમ બધા ગુણો નક્કી કરવા જોઈએ. ચારિત્રગુણમાં સ્વરૂપની પૂર્ણ રમણતા થાય, પર રમણતાનો એક અંશ ન રહે ને આવરણ પણ ન રહે એવો ચારિત્રગુણ છે. આવા અનંતાગુણો દ્રવ્ય સાથે અભેદ થાય ને આવરણ ન રહે એવી દરેક ગુણની શક્તિ છે. તેવો સમ્યક્ભાવ સાધક થયો ને ગુણમાં તેવો ભાવ થવો તે તેનું ફળ છે. અહીં ગુણની તાકાતની વાત ચાલે છે. આત્મામાં સ્થિરતા કરી ને આનંદ થવો તે અનુભવ છે.

ગુણોને આવરણ નથી. વળી તેનામાં ઊણપ ન રહે તેવી દરેક ગુણની શક્તિ છે.

**વહ નિજ-કરમેં કર લેતા હૈં, શકલ જગતકો નિશ્ચય સે,**
**તવ મન સે બાહર રહકર ભી, અચરજ હૈ રહતા સુખસે. ૧૫.**

અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તા, કર્મ, કરણ આદિ ગુણોનું સામર્થ્ય એવું છે કે તેને આવરણ ન રહે ને અધૂરો ન રહે, પોતે પોતાથી નિર્મળરૂપે થાય, પૂર્ણ થાય—એમ નક્કી કરે તો ગુણની જાતિ નક્કી કરી કહેવાય. આવી તાકાત દરેક ગુણની છે. સમ્યક્ભાવ સાધક છે ને વસ્તુની જાતિ સિદ્ધ થવી સાધ્ય છે. આત્મા નામનો પદાર્થ છે, તેમાં જ્ઞાનની પર્યાય વડે એમ નક્કી કરે કે કોઈ પુણ્યની ક્રિયાથી ગુણ પરિણમશે નહિ. સમ્યક્ભાવ તેને કહીએ કે જે દરેક ગુણને સમ્યક્ જાતિરૂપ નક્કી કરે તથા તે ગુણ સ્વયં પૂર્ણરૂપે પરિણમવાને લાયક છે. કોઈ રાગને લીધે નહિ કે નિમિત્તને લીધે નહિ. આવો સમ્યક્ભાવ સાધક છે. દરેક ગુણ નિર્વિકલ્પ છે એટલે કે દ્રવ્ય સાથે અભેદ થઈને પરિણમે તેવો છે. કર્મનું આવરણ ટળે માટે ગુણ પૂર્ણરૂપે પરિણમે છે એમ નથી, પણ પોતાના કારણે પૂર્ણરૂપે પરિણમે છે. આવા ગુણની જાતિ નક્કી કરવી તે સમ્યક્ભાવ છે ને ગુણની જાતિ પ્રગટ થવી તે સાધ્ય છે. મારો જ્ઞાનગુણ અભેદરૂપે પરિણમવાનો છે ને આવરણ રહિત પરિણમવાની તાકાતવાળો છે. મારો ચારિત્રગુણ ત્રિકાળ છે, તે અભેદપણે પરિણમે એવી તાકાતવાળો છે. સ્થિરતામાં એક અંશ ઓછો ન રહે ને આવરણ પણ ન રહે તેવો તેનો સ્વભાવ છે. આવી ચારિત્રગુણની જાતિ છે. જેવા ગુણ છે તેવા સમજવા જોઈએ. દ્રવ્યની જાતિ દ્રવ્યમાં, ગુણની જાતિ ગુણમાં ને પર્યાયની જાતિ પર્યાયમાં એમ નક્કી કરવું જોઈએ. આત્માના આનંદગુણની જાતિ એવી છે કે તે પોતે અભેદ થઈ પૂર્ણાનંદ થઈને રહે, આનંદમાં અપૂર્ણતા રહે તે આનંદગુણની જાતિ નથી. કર્તા નામનો ગુણ અનાદિ અનંત છે, તે કર્તારૂપે થઈને પૂર્ણ થશે. નિમિત્તના કર્તાથી કે વિકલ્પના કર્તાથી તે પૂર્ણ થશે. એમ છે જ નહિ. કરણ નામનો ગુણ પણ એવો જ છે. નિમિત્ત સાધન નહિ, રાગ સાધન નહિ. કરણ નામનો ગુણ છે તે પૂર્ણ પ્રગટે, ભેદ ન રહે, આવરણ ન રહે, વિકલ્પ ન રહે એવી ગુણની જાતિ મારામાં છે. તેમ સમ્યક્ભાવ સિદ્ધ કરે છે. એક એક સ્વભાવ એવો છે કે તે નિર્વિકલ્પપણે પૂર્ણ પ્રગટ થાય છે, તેને બીજા ગુણની, પર્યાયની કે રાગની જરૂર નથી પણ દરેક ગુણ સ્વતંત્ર છે. ચોથા ગુણસ્થાનવાળો ધર્મી જીવ સમ્યક્ભાવ વડે પર્યાયમાં ગુણની જાતિ નક્કી કરે છે.

એક દ્રવ્યમાં અનંતા ગુણો છે, તેમાં આવરણ રહેશે નહિ, કર્મનું નિમિત્ત રહેશે નહિ, અધૂરાશ રહેશે નહિ પણ પૂર્ણરૂપ પ્રગટશે,—એમ સમ્યક્ભાવ નક્કી કરે છે, અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છત્વ વગેરે અનંતા ગુણો અનાદિ અનંત છે, તે મારી સાથે

**ત્રિકાલજ્ઞ ત્રિજગતકે સ્વામી, ઐસા કહનેસે જિનદેવ,**
**જ્ઞાન ઔર સ્વામીપનકી, સીમા નિશ્ચિત હોતી સ્વયમેવ;**

અભેદ થઈને રહેશે. દરેક ગુણ પૂર્ણ થઈને રહેશે તેને કોઈ નિમિત્તની જરૂર નથી, પણ એક ગુણને બીજા ગુણની જરૂર નથી. એક એક ગુણની જાતિ સિદ્ધ કરે છે. બધા ગુણો સમ્યક્‌રૂપ થાય, યથાવત્ થાય ને નિશ્ચયભાવરૂપ થાય, અપૂર્ણ રહે નહિ. આવરણ રહે નહિ. બીજા ગુણની ને પર્યાયની અપેક્ષા રાખે નહિ. અહીં નિર્વિકલ્પનો અર્થ એ છે કે ગુણો પ્રગટીને આત્મા સાથે અભેદ રહે છે. આમ બધા ગુણો સમજવા. મારા ગુણોની આવી જ જાત હોય. એક ગુણ બીજા ગુણથી પૃથક્ સમજવો. આમ સમ્યક્‌ભાવ સિદ્ધ કરે છે ને ગુણની જાતિ સિદ્ધ કરવી તે તેનું ફળ છે.

(બ) ગુણને નક્કી કર્યા હવે દ્રવ્યને સિદ્ધ કરે છે, મારું દ્રવ્ય અનંત ગુણોનો પિંડ છે, દ્રવ્ય શુદ્ધ જ છે, મારું સ્વરૂપ સિદ્ધ સમાન છે. પર્યાયમાં વિકાર છે તે મારું સ્વરૂપ નથી. દ્રવ્ય અનંત ગુણોનો પિંડ એકલો નિર્મળાનંદ છે. અસંખ્ય પ્રદેશમાં રહેલા ગુણોમાં લક્ષણભેદ છે પણ પ્રદેશભેદ નથી. જ્યાં જ્ઞાન છે ત્યાં દર્શન છે. આમ પ્રદેશે અભેદતા છે.

જગતમાં અનંતા આત્મા છે. આત્મામાં આવા અનંતા ગુણો છે. એક ગુણને બીજા ગુણની સહાય નહિ છતાં આત્મા અખંડ અભેદ છે. જીવે પોતાનું પરમેશ્વરપદ સમ્યક્‌ભાવ વડે નક્કી કર્યું નથી, માટે અહીં બતાવે છે કે સમ્યક્‌ભાવ સાધક છે ને પોતાના દ્રવ્યસ્વભાવની જાતિ સાધ્ય છે. વિકાર ને અવિકારપણું પર્યાયમાં છે, દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે એમ દ્રવ્યની જાતિ નક્કી કરવી. અનંતા જીવોથી ને અનંતા પરમાણુથી મારું આત્મદ્રવ્ય જાતિએ ભિન્ન છે. મારું દ્રવ્ય શુદ્ધ સ્વભાવવાળું છે ને અનાદિ અનંત એકરૂપ છે. આમ સ્વભાવથી નક્કી કરવું. અનંતા ગુણોમાંથી એક ગુણ ન કબૂલે અથવા દ્રવ્યનું અભેદપણું ન સ્વીકારે તો તે સાધક થઈ શકશે નહિ. આત્માના ત્રણ સ્વભાવ છે. (૧) ગુણસ્વભાવ, (૨) દ્રવ્યસ્વભાવ, (૩) પર્યાય સ્વભાવ. એમાં કોઈ ઓછુંવત્તું થાય તેમ બને નહિ. આ પ્રમાણે સમ્યક્‌ભાવ સાધક છે ને દ્રવ્યનો જાતિસ્વભાવ સિદ્ધ થવો સાધ્ય છે.

(ક) હવે પર્યાયની જાતિ સિદ્ધ કરે છે. પર્યાય એક સમયનો છે. આત્મા કાયમી દ્રવ્યરૂપે રહીને વર્તમાનમાં અવસ્થારૂપ થાય છે. જે કાંઈ પરિણમન સ્વભાવ છે તેવી પર્યાય તેને લીધે પરિણમે છે. કોઈ કહે કે આ વખતની આવી પર્યાય કેમ? તે પ્રશ્ન રહેતો નથી. (ક્રમશઃ)

---

**યદિ ઇસસે ભી જ્યાદા હોતી, કાલ જગતકી ગિનતી ઔર,**
**તો ઉસકો ભી વ્યાપિત કરતે, યે તવ ગુણ દોનોં સિરમૌર. ૧૬.**



## શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવેલી
## વૈરાગ્ય–અનુપ્રેક્ષા

**(શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી)**

### (૮) આસ્રવ–અનુપ્રેક્ષા

અનેક દોષરૂપી તરંગોથી ઉછળતા અને દુઃખરૂપી જળચરોથી ભરેલા આ ભવસમુદ્રમાં જીવને પરિભ્રમણનું કારણ આસ્રવ છે. (૧૮૨૮)

જેમ સમુદ્ર મધ્યે છિદ્રવાળી નાવમાં પાણી આવે છે તેમ સંસારસાગરમાં અસંવૃત (સંવરરહિત) જીવને કર્મમળનો આસ્રવ થાય છે. (૧૮૨૯)

જેમ ચીકાશયુક્ત શરીરમાં લાગેલી ધૂળ મેલરૂપ થઈને ચોટી જાય છે, તેમ મિથ્યાત્વાદિ ચીકાસથી લિપ્ત જીવને પરમાણુઓ કર્મરૂપ થઈને ચોટે છે. (૧૮૩૦)

સૂક્ષ્મ તેમજ બાદર, ચક્ષુવડે દૃશ્યમાન તેમ જ અદૃશ્યમાન એવા પુદ્ગલદ્રવ્યોથી આ લોક સર્વત્ર અત્યંત ખીચોખીચ ભરેલો છે. (૧૮૩૧)

જીવના મિથ્યાત્વ, અવિરમણ, કષાય તથા યોગરૂપ ભાવો, તે આસ્રવ છે કેમકે કર્મને આવવાનાં તે કારણો છે. અરિહંતદેવે કહેલા તત્ત્વાર્થોમાં વિમોહ તે મિથ્યાત્વ છે; હિંસાદિ પાંચ પાપો તે અવિરમણ છે; અને રાગ-દ્વેષમય એવા ક્રોધ-માન-માયા-લોભ તે ચાર કષાય છે એમ જાણવું. (૧૮૩૨-૩૩)

રાગ કેવો છે ? દેહને અશુચિ–દુર્ગંધરૂપ જાણવા છતાં રાગને લીધે જીવ તેમાં રંજિત થાય છે; દ્વેષ કેવો છે ? દ્વેષવશ થયેલો મનુષ્ય સ્વજનો પ્રત્યે પણ ક્ષણમાત્રમાં તિરસ્કાર કરે છે. (૧૮૩૪)

અરે, જે દોષને લીધે સમ્યગ્દષ્ટિ મનુષ્ય પણ પાપ કરે છે તે ગારવને, ઈન્દ્રિય વિષયોને, આહારાદિ સંજ્ઞાને, આઠમદને તથા રાગ-દ્વેષને ધિક્કાર હો. (૧૮૩૫)

જે વિષયોમાં અભિલાષા છે તેના વડે જીવ કાંઈ સુખ નથી પામતો; વિષયોની અભિલાષા વડે તો જીવ કર્મથી બંધાય છે. (૧૮૩૬)

જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રાખને માટે અતિ મૂલ્યવાન ચંદનને બાળી નાંખે તેમ મૂર્ખ જીવ વિષયોના લોભથી મનુષ્ય ભવને નષ્ટ કરે છે. (૧૮૩૭)

જેમ કોઈ મૂરખો રત્નદ્વીપમાં જઈને પણ, ત્યાંના રત્નોને છોડીને લાકડાનો ભારો લઈ આવે, તેમ મનુષ્યભવરૂપી રત્નદ્વીપમાં આવીને પણ મૂર્ખ જીવ ધર્મરત્નોને છોડીને ભોગોની અભિલાષા કરે છે. (૧૮૩૮)

જેમ નંદનવનમાં જઈને પણ કોઈ મૂર્ખ મનુષ્ય અમૃતને છોડીને વિષ પીએ, તેમ

મનુષ્યભવરૂપી નંદનવનમાં આવીને પણ મૂર્ખ જીવ ધર્મઅમૃતને છોડીને ભોગોની અભિલાષારૂપ ઝેર પીએ છે. (૧૮૩૯)

જેમ ખરાબ ભોજન ખાનાર મનુષ્ય પોતાના ગુમડામાં આસવ (રસીનો પાક) કરે છે, તેમ પાપમાં પ્રવર્તતા મન-વચન-કાયાના યોગો વડે જીવ કર્મનો આસ્રવ કરે છે. (૧૮૪૦)

અનુકંપા વગેરેમાં શુદ્ધ–પ્રયોગ, એટલે કે જિનોક્ત વિધિ પ્રમાણે અનુકંપા વગેરે શુભ પરિણામ તે પણ પુણ્યકર્મના આસ્રવનું દ્વાર છે; અને તેનાથી વિપરીત હિંસાદિ અશુભ પરિણામ તે પાપકર્મના આસ્રવનું દ્વાર છે. (૧૮૪૧)

(ઈતિ આસ્રવ ભાવના)

*

## (૯) સંવર–અનુપ્રેક્ષા

આસ્રવનું મિથ્યાત્વ–દ્વાર સમ્યક્ત્વરૂપી દૃઢ કમાડ વડે બંધ થાય છે; તથા હિંસાદિ દ્વારો દૃઢ વ્રતરૂપી આગળીયા વડે રોકાય છે. (૧૮૪૨)

વળી જેમ હાથમાં ધારણ કરેલા આયુધ વડે ચોરોથી રક્ષા કરી શકાય છે, તેમ ઉપશમ-દયા તથા ઈન્દ્રિયદમનના પરિણામરૂપ આયુધ વડે કષાય–ચોરોથી જીવની રક્ષા થાય છે. (૧૮૪૩)

જેમ ઉત્પથગામી તોફાની ઘોડાને મજબૂત લગામ વડે વશ કરાય છે તેમ, ઈન્દ્રિયવિષય તરફ દોડતા ઘોડાને ઈન્દ્રિયદમન પૂર્વકના જ્ઞાનરૂપ મજબૂત લગામ વડે વશ કરવામાં આવે છે. (૧૮૪૪)

જેમ વિદ્યા-મંત્ર-ઔષધિ વગર દૃષ્ટિવિષ–સર્પોને વશ કરી શકાતા નથી તેમ, ચિત્તની એકાગ્રતા વગર ઈન્દ્રિય વિષયોરૂપ સર્પોનો નિગ્રહ થઈ શકતો નથી. (૧૮૪૫)

જેમ નૌકામાં આવતા પાણીનો નિરોધ પાટિયા વડે કરવામાં આવે છે તેમ પાપપ્રયોગરૂપ આસ્રવદ્વારનો નિરોધ અપ્રમાદભાવરૂપ પાટિયા વડે થાય છે. (૧૮૪૬)

જેમ પરિખા વગેરેથી સુરક્ષિત નગરીમાં શત્રુસેના પ્રવેશી શકતી નથી તેમ ગુપ્તિરૂપ ખાઈ વડે સુરક્ષિત સંયમનગરમાં કર્મશત્રુની સેના પ્રવેશી શકતી નથી. (૧૮૪૭)

અપ્રમત્ત સાધુઓ, સમિતિરૂપી દૃઢ નૌકામાં આરોહણ કરીને, છ જીવનિકાયની હિંસા વગેરે પાપરૂપ મગરમચ્છોથી અછૂતા રહીને, ભવસમુદ્રને તરી જાય છે.(૧૮૪૮)

જે નગરનું દ્વાર દ્વારપાળ વડે સુરક્ષિત છે તે નગરમાં શત્રુ ધસારો કરી શકતા નથી તેમ જેના હૃદય-દ્વારે સુનિશ્ચિત તત્ત્વની સ્મૃતિરૂપ દ્વારપાળ જાગૃત છે તે જીવમાં દોષો પ્રવેશી શકતા નથી. (૧૮૪૯)

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

## શાંતિ રાખવી જોઈએ

આત્માનો જ્ઞાનસ્વભાવ કેવી રીતે ગ્રહણ થાય? રાગથી કેમ છૂટો પડું? ભેદજ્ઞાન કેમ થાય? પ્રજ્ઞાછીણીથી સૂક્ષ્મ થઈને અંદરમાં જ્ઞાનને કેમ ગ્રહણ કરાય? આટલો ટાઈમ થયો તો પણ કેમ થતું નથી? એવી બધી અંતરમાં આકુળતા થાય, છતાં તેમાં શાંતિ રાખે કે મારી ભાવના છે તો થવાનું જ છે. પ્રયત્ન ચાલુ જ રાખે ને ધીરજથી માર્ગને ઓળખવાનો પ્રયત્ન કરે. આત્માનો સ્વભાવ શું છે? જ્ઞાયક શું છે? જ્ઞાન તે જ હું છું, આ બધો રાગ છે તે મારો સ્વભાવ નથી. તે વેદન જુદી જાતનું છે અને જ્ઞાનનો જે જાણવાનો સ્વભાવ છે તે જાત જુદી છે-એમ લક્ષણથી રાગને ભિન્ન ઓળખ્યા કરે અને જ્ઞાનને ગ્રહણ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે અને દર્શનમોહ ચાલ્યો જાય છે. પરંતુ તેને ધીરજ હોવી જોઈએ. જો આકુળતા-ઉતાવળ કરે તો કાર્ય ન થાય. ગમે તેટલો ટાઈમ જાય તોપણ વારંવાર પ્રયત્ન કર્યા જ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ થાય છે. પહેલાં આકુળતા તો થાય પણ શાંતિ રાખવી જોઈએ.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—અનાદિથી ચાલી આવતી સૌથી મોટી મૂર્ખતા કઈ છે?**

ઉત્તર :—જે ન થઈ શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતા છે. દેહ આદિના કાર્યો હું કરી શકું છું, હાથ-પગ આદિને હું હલાવી શકું છું, પરદ્રવ્યોના કાર્યને હું કરી શકું છું, એ માન્યતા મૂર્ખતા છે. પરજીવોને સુખી કે દુઃખી કરી શકું છું, પરજીવોને બચાવી કે મારી શકું છું, દેશ-કુટુંબ આદિની સેવા હું કરી શકું છું એવી બુદ્ધિ તે મૂર્ખતા છે. જે પરદ્રવ્યો છે તેના કાર્ય થઈ શકતા નથી છતાં તેને કરવાની બુદ્ધિ મિથ્યાત્વભાવની મૂર્ખતા છે અને જે કાર્ય પોતાથી જ થઈ શકે છે એવા પોતાના સ્વરૂપની સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન, સાચું આચરણ એ કરતો નથી એ મૂર્ખતા છે.

**પ્રશ્ન :—એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરે નહિ તે સિદ્ધાંતમાં એક જીવ બીજા જીવને કાંઈ કરી ન શકે તે બેસે છે પણ એક પરમાણુ બીજા પરમાણુને કાંઈ કરે નહિ તે બેસે તેવું નથી!**

ઉત્તર :—એક પરમાણુ સ્વતંત્ર છે, પોતે કર્તા થઈને પોતાના કાર્યને કરે છે. બીજા પરમાણુનો તેનામાં અત્યંત અભાવ છે અને એથી આગળ જરા સૂક્ષ્મ લઈએ તો પુદ્ગલદ્રવ્યની પર્યાય પર્યાયથી સ્વતંત્ર થાય છે, દ્રવ્ય પણ કારણ નહિ. ભાઈ! વીતરાગની વાત બહુ સૂક્ષ્મ છે.

**પ્રશ્ન :—આપ કહો છો કે શરીર તારું નહિ અને રાગ પણ તારો નહિ, પણ અમારે આખો દિવસ કામ તો એ બેની સાથે જ છે!**

ઉત્તર :—ભાઈ! શરીર તો એના કારણે ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે અને રાગ પણ એના કારણે ષટ્કારકથી પરિણમે છે. તું તો એ બેનો જાણનાર છો. એક સમયમાં પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે, દ્રવ્યના કારણે નહિ, પૂર્વ પર્યાયના કારણે ઉત્તર પર્યાય પરિણમે છે એમ પણ નથી. દરેક પદાર્થની પર્યાય દરેક સમયે ષટ્કારકથી સ્વતંત્રપણે જ પરિણમે છે—એ વસ્તુની સ્થિતિ છે. ભાઈ! તારું તત્ત્વ તો આખું જ્ઞાયકભાવથી ભરેલું છે એ જાણવા સિવાય શું કરે?

**પ્રભુકી સેવા કરકે સુરપતિ, બીજ સ્વસુખકે બોતા હૈ,**
**હે અગમ્ય અજ્ઞેય ન ઇસસે, તુમ્હેં લાભ કુછ હોતા હૈ;**

પ્રશ્ન :—પરદ્રવ્યના કાર્ય ભલે કરી શકતો નથી પણ અનાશક્તિભાવે પરને સુખી કરીએ, સગવડતા આપીએ તો ?

ઉત્તર :—પરને હું સુખી કરી શકું છું, અનુકૂળતા આપી શકું છું એ દૃષ્ટિ જ મિથ્યાત્વની ભ્રમણા છે. પરને સુખી કરી શકું પરને લાભ કરાવી દઉં એ કર્તાબુદ્ધિનું અભિમાન છે, અનાશક્તિ નથી.

પ્રશ્ન :—પદાર્થોની સ્વતંત્રતા સમજવાથી લાભ શું ?

ઉત્તર :—પદાર્થોની સ્વતંત્રતા સમજવાથી પોતાના પરિણામનો કર્તા પોતે છે બીજો નથી એમ સમજવાથી પરથી ખસીને પોતામાં પરિણામ વાળીને આત્માનો અનુભવ કરવો એ લાભ થાય છે. પોતાનો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા છે એમ જાણીને જાણનાર-દેખનાર રહે તો ચોરાશીના અવતારમાં રખડી રખડીને ઠડ નીકળી ગયો છે. તે રખડવું ટળે અને મુક્તિ થાય એ લાભ થાય છે.

પ્રશ્ન :—'ક્રમનિયત' શબ્દનો શબ્દાર્થ તથા ભાવાર્થ બતાવશો ?

ઉત્તર :—'ક્રમનિયત' શબ્દમાં ક્રમ એટલે ક્રમસર અને નિયત એટલે નિશ્ચય ચોક્કસ, જે સમયે જે પર્યાય આવવાની તે જ આવે. ક્રમબદ્ધ છે તે ફરે નહિ. ત્રણકાળમાં જે સમયે જે પર્યાય થવાની તે જ થાય. જગતનો કર્તા ઈશ્વર તો નથી કે પરદ્રવ્યનો કર્તા આત્મા તો નથી પણ રાગનો કર્તા પણ આત્મા નથી અને પલટતી પર્યાયનો પણ કર્તા આત્મા નથી. ષટ્કારકથી સ્વતંત્રપણે કર્તા થઈને પરિણતી થાય છે, તે સત્ છે તેને કોઈની અપેક્ષા નથી.

પ્રશ્ન :—પર્યાય ક્રમબદ્ધ સ્વકાળે ઉત્પન્ન થાય અને આ જ પ્રકારની પર્યાય ઉત્પન્ન થાય એમ એમાં ક્યાં આવ્યું ?

ઉત્તર :—પર્યાય ક્રમબદ્ધ સ્વકાળે ઉત્પન્ન થાય એમાં પર્યાય જે સમયે નિશ્ચિત થવાની છે તે જ થાય એમ આવે છે, કેમ કે સ્વકાળે થતા પર્યાયને નિમિત્તાદિ કોઈની અપેક્ષા જ નથી.

પ્રશ્ન :—ક્રમબદ્ધ પર્યાય દ્રવ્યમાં ગોઠવાયેલી જ છે ?

ઉત્તર :—પર્યાય ક્રમબદ્ધ દ્રવ્યમાં ગોઠવાયેલી જ છે, એ સર્વજ્ઞ પ્રત્યક્ષ જાણે છે. નીચેવાળાને પ્રત્યક્ષ નથી પણ યોગ્યતા અનુસાર પર્યાય ક્રમબદ્ધ થાય છે તેમ અનુમાન જ્ઞાનથી જાણે છે.

**જૈસે છત્ર સૂર્યકે સમ્મુખ, કરનેસે દયાલુ જિનદેવ,**
**કરનેવાલે હી કો હોતા, સુખકર આતપહર સ્વયમેવ. ૧૭.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—આત્માકી પહિચાન મહિમાપૂર્વક હોતી હૈ ક્યા?

**સમાધાન** :—આત્માકી પહિચાન મહિમાપૂર્વક હોતી હૈ. શુષ્ક વિચાર કરે તો વહ છૂટ જાતા હૈ. આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઐસા બોલ દિયા, લેકિન ઉસકો ગ્રહણ નહીં કિયા તો ઐસે પહિચાન નહીં હોતી. ઈસકી મહિમા આની ચાહિયે. અનંત ગુણસે ભરપૂર, આશ્ચર્યકારી, આનંદકારી, મહિમાવંત આત્મા હૈ ઐસા વિચાર કર ભીતરમેં જાવે તબ ભેદજ્ઞાન હોવે. અનંત ગુણસે ભરપૂર ચૈતન્ય—ચમત્કારમય ચૈતન્યદેવ મૈં હૂં, દિવ્યતાસે ભરપૂર મૈં હૂં, ઐસી ચૈતન્યકી અંદરસે અદ્‌ભુતતા લગની ચાહિયે. ફિર આત્માકો ગ્રહણ કરેં તો ગહરાઈ આતી હૈ. આત્માકી મહિમા ન લગે ઔર બાહરસે જ્ઞાનસ્વરૂપ...જ્ઞાનસ્વરૂપ...ઐસા કરને લગે અર્થાત્ ઉપર—ઉપરસે જ્ઞાન-સ્વરૂપ...જ્ઞાનસ્વરૂપ કરે તબ કુછ નહીં હોતા. ઈસકી મહિમા આની ચાહિયે. મૈં જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ કોઈ અદ્‌ભુત આત્મા હૂં ઐસી મહિમા આવે તો ભીતરમેં ચલા જાતા હૈ.

મુમુક્ષુ:—આત્માકી મહિમા કૈસે આવે?

બહેનશ્રી:—મહિમા અર્થાત્ આત્માકી અદ્‌ભુતતા લગની ચાહિયે, આશ્ચર્ય લગના ચાહિયે કિ યહ કોઈ અદ્‌ભુત તત્ત્વ હૈ. મેરી આત્મા કોઈ સામાન્ય નહીં હૈ, સિદ્ધભગવાન જૈસી હૈ. ઔર સબ લોક ઊપર તીરતા હૈ ઐસા મૈં અદ્‌ભુત હૂં. જહાં રુચિ લગે, ઉપયોગ વહાં હી લગે. ભગવાનકી જિસકો મહિમા હોતી હૈ કિ ભગવાન વીતરાગ સ્વરૂપ હૈ ઉસકો મંદિરમેં ભગવાનકા દર્શન કરતે સમય ભગવાનકી પ્રતિમાકો દેખકર આશ્ચર્ય લગતા હૈ કિ કૈસા ભગવાન! ઠીક વૈસે હી ચૈતન્યકા આશ્ચર્ય લગના ચાહિયે કિ વીતરાગ આત્મા ઐસી હી હૈ ફિર વહ છૂટે નહિ. આત્માકી મહિમા લગે તો ઉસકો દેખનેકે લિયે ઉપયોગ બાર બાર વહાં હી જાય, લેકિન મહિમા ન લગે તો મૈં જ્ઞાનસ્વરૂપ હૂં ઐસા છૂટ જાતા હૈ.

ભગવાનકી મહિમા લગે તો મંદિરમેં પ્રતિમાજીકો દેખકર શાંતિ હોતી હૈ કિ ભગવાન કૈસા વીતરાગ હૈ! ઐસે આત્મભગવાનકી મહિમા લગની ચાહિયે. પ્રતિમાજી ઐસી હૈ તો સાક્ષાત્ ભગવાન કૈસા હોગા!! ઐસે સાક્ષાત્ ભગવાનકી મહિમા આવે વૈસે

આત્મભગવાનકી મહિમા આની ચાહિયે. ઔર ચિત્ત વહાં હી લગે તો દૂસરી કહીં ભી જગહ લગે નહીં.

મુમુક્ષુઃ—સ્વયં મહિમાવાન પદાર્થ હોતે હુએ ભી સ્વયંકી મહિમા ક્યોં નહીં આતી?

બહેનશ્રીઃ—બાહરકી મહિમા હૈ, બાહરમેં રુક રહા હૈ ઈસલિયે સ્વયંકી મહિમા નહીં આતી. બાહરકે પદાર્થોમેં રુક જાતા હૈ, ઉનકી મહિમા લગતી હૈ, બાહર દેખનેમેં આશ્ચર્ય લગતા હૈ, યહ દેખૂં—યહ દેખૂં ઐસે સબ બાહર દેખનેમેં રુક જાતા હૈ ઔર ભીતરમેં ચૈતન્યભગવાન આત્મા દેખનેમેં નહીં આતી હૈ ઈસલિયે વિશ્વાસ નહીં આતા ઈસ વજહસે મહિમા નહીં આતી. ઔર બાહરમેં વિશ્વાસ આતા હૈ, ઈસલિયે બાહરમેં સબ મહિમાવંત લગતા હૈ. બાહરમેં કોઈ સામાન્ય બાત હો તો ભી કુતૂહલ કરકે દેખનેકો જાતા હૈ, લેકિન ભીતર આત્માકા આશ્ચર્ય કરકે—કુતૂહલ કરકે—દેખનેકો ભી નહીં જાતે. શાસ્ત્રમેં આતા હૈ કિ તૂ એકબાર કુતૂહલ કરકે દેખ તો સહી! કિ અંદર કૈસી આત્મા બિરાજમાન હૈ!

***પ્રશ્ન*** :—સંસ્કારની વાત ઘણી આવે છે, તો ઊંડા સંસ્કાર કઈ રીતે નાખવા?

**સમાધાન** :—જ્ઞાયકનો વારંવાર અભ્યાસ કર્યા કરવો. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તેનું ચિંતવન, તેની મહિમા, તેની લગની, સત્સંગ, શ્રવણ-મનન આદિ વારંવાર કરવાં. છાશને વલોવતાં-વલોવતાં માખણ બહાર આવે છે તેમ વારંવાર જ્ઞાયકનું મંથન કર્યા કરવું. ગુરુદેવે બતાવ્યું છે તે પ્રમાણે પુરુષાર્થ વારંવાર કરવો. હું ચૈતન્ય જુદો છું, આ વિભાવ જુદાં છે એમ ભેદજ્ઞાન માટે તૈયારી પોતાને કરવાની છે. બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું સાન્નિધ્ય મળે, તેમનો સત્સંગ થાય, શ્રવણ-મનન થાય તે બધું વારંવાર કર્યા કરવું. વારંવાર તેના (જ્ઞાયકના) સંસ્કાર દૃઢ કરવા. રુચિ વારંવાર તીવ્ર થાય તેમ કર્યા કરવું.

***પ્રશ્ન*** :—પરિણતિનો પલટો કરવા માટે પુરુષાર્થ કેવો કરવો? વાંચન કરવું? વિચાર કરવા?

**સમાધાન** :—એક ચૈતન્ય તરફની દૃષ્ટિ પ્રગટ કરવા માટે વાંચન-વિચાર કરવા. અંતરની દિશા પલટાવવાનો હેતુ હોવો જોઈએ. પરિણતિ તદ્‌ગતરૂપે—તે રૂપે—તદાકાર ન થાય ત્યાં સુધી વાંચન-વિચાર બધું આવે છે. વિચારમાં ટકે નહિ તો વાંચન કરે અથવા વાંચનમાંથી વિચાર કરે, જ્યાં પરિણતિ સ્થિર થાય તે કર્યા કરે. પણ કરવાનું એક જ છે—દૃષ્ટિ પલટાવવાની છે, અંદરની દિશા પલટાવવાની છે. તે ન થાય ત્યાં સુધી તેની પાછળ પડી જવું.

## બાળ વિભાગ

## ૮. પ્રભાવના—અંગનું વર્ણન

જિનમાર્ગદ્વારા પોતાના જ્ઞાનાનંદસ્વભાવી આત્માને જાણીને તેની 'પ્રભાવના' ઉત્કૃષ્ટભાવના તો ધર્મી કરે જ છે ને વ્યવહારમાં પણ આવા જિનમાર્ગનો મહિમા જગતમાં કેમ પ્રસિદ્ધ થાય ને જગતના જીવો ધર્મ કેમ પામે—એવો પ્રભાવનાનો ભાવ ધર્મીને હોય છે. તે પોતાની સર્વશક્તિથી, જ્ઞાન-વિદ્યા-વૈભવ-તન-મન-ધન-દાન-શીલ-તપ વગેરેથી ધર્મ-પ્રભાવના કરે છે. કોઈ વિશેષ શાસ્ત્ર દ્વારા, તીર્થ દ્વારા, ઉત્તમ જિનાલય દ્વારા તથા અનેક મહોત્સવ દ્વારા પણ પ્રભાવના કરે છે. અત્યારે તો જીવોને સાચું તત્ત્વજ્ઞાન મળે તેવી પ્રભાવનાની ખાસ જરૂર છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે શ્રી સમયસાર વગેરે અધ્યાત્મશાસ્ત્રોની રચના દ્વારા જિનશાસનની મહાન પ્રભાવના કરી છે ને લાખો જીવો ઉપર ઉપકાર કર્યો છે. શ્રી સમંતભદ્રસ્વામી, શ્રી અકલંકસ્વામી વગેરેએ પણ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે.

ધર્મ ઉપર સંકટ આવે ત્યાં ધર્મી જીવ ઝાલ્યો ન રહે. જેમ શૂરવીરયોદ્ધો યુદ્ધમાં છાનો ન રહે તેમ ધર્માત્મા ધર્મ પ્રસંગે છાનો ન રહે! ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય એવા કાર્યોમાં તે ઉત્સાહથી પોતાની મેળે જ વર્તે. દેવ-ગુરુ-શાસ્ત્રના કાર્યોમાં, તીર્થોના કાર્યમાં કે સાધર્મીજનોના કાર્યમાં પોતાની શક્તિઅનુસાર હોંશથી પ્રવર્તે. આવો શુભરાગ હોય છે, છતાં તેની મર્યાદા પણ જાણે છે કે આ રાગ છે તે કાંઈ મને મોક્ષનું સાધન નથી. રાગ વડે મને કે બીજાને લાભ નથી. એટલે તેને રાગની ભાવના નથી પણ વીતરાગમાર્ગની પ્રભાવના અને પુષ્ટિની જ ભાવના છે. અહા! આવો સુંદર વીતરાગમાર્ગ ને આવા માર્ગને સાધનારા આ મારા સાધર્મી ભાઈ! આમ પોતાના સાધર્મી ભાઈ-બેન પ્રત્યે ઉમળકો આવે છે. તે સાધર્મીનો અપવાદ થવા ન દે. વાહ! જુઓ તો ખરા! અંતર્દૃષ્ટિપૂર્વક વીતરાગમાર્ગમાં વ્યવહારનો પણ કેટલો વિવેક છે! આવો વ્યવહાર પણ અંદરમાં યથાર્થ માર્ગનું ભાન કરે તેને જ સમજાય છે. સમ્યક્ત્વના આ આઠે અંગ દ્વારા ધર્મી જીવ પોતામાં વીતરાગમાર્ગની પુષ્ટિ કરે છે ને સર્વ પ્રકારે તેની પ્રભાવના કરે છે. પ્રભાવના-અંગ માટે વજ્રમુનિનું ઉદાહરણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. આ રીતે સમ્યક્ત્વના આઠ અંગ કહ્યા. આવા આઠગુણો સહિત શુદ્ધ સમ્યક્ત્વને આરાધવું અને તેનાથી વિરુદ્ધ શંકાદિ આઠદોષોનો ત્યાગ કરવો.

સમ્યગ્દષ્ટિને જ માર્ગની સાચી પ્રભાવના હોય છે. જેણે ધર્મનું સાચું સ્વરૂપ જાણ્યું હોય તે જ તેની પ્રભાવના કરી શકે. ધર્મને જે ઓળખતો જ નથી તે પ્રભાવના શેની કરશે? અહો! જિનમાર્ગ કોઈ અદ્‌ભુત અલૌકિક છે; ઈન્દ્રો, ચક્રવર્તીઓ ને ગણધરો પણ જેને

ભક્તિથી આદરે છે એ વીતરાગમાર્ગની શી વાત! આવો માર્ગ અને તેને આદરનારા સાધર્મીઓનો યોગ મળવો બહુ દુર્લભ છે. આવા માર્ગને પામીને પોતાનું હિત કરી લેવા જેવું છે. જેટલો રાગભાવ છે તેને ધર્મી પોતાના સ્વાત્માકાર્યથી ભિન્ન જાણે છે ને નિશ્ચય સમ્યક્ત્વાદિ વીતરાગભાવને જ સ્વધર્મ જાણીને આદરે છે. ધર્મનું આવું સ્વરૂપ સમજીને તેની પ્રભાવના કરે છે. જેઓ એકલા વ્યવહારના શુભવિકલ્પોને જ ધર્મ માની લ્યે છે ને રાગ વગરના નિશ્ચયધર્મને સમજતા નથી તેઓને તો પોતામાં પણ જરાય ધર્મ નથી, એટલે સાચી ધર્મપ્રભાવના પણ તેમને હોતી નથી. પોતામાં ધર્મ હોય તો તેની પ્રભાવના કરે ને? અહીં તો અંતરમાં પોતાના શુદ્ધાત્માનો અનુભવ કરીને નિશ્ચયધર્મ સહિતના વ્યવહારની વાત છે. અરે! વીતરાગના સત્યમાર્ગને ભૂલીને અજ્ઞાનથી કુમાર્ગના સેવનવડે જીવો પોતાનુ અહિત કરી રહ્યા છે, તેઓ જ્ઞાનવડે સાચો માર્ગ પામે અને પોતાનું હિત કરે એવી ભાવનાથી ધર્મીજીવ જ્ઞાનના પ્રચારવડે સત્યધર્મની પ્રભાવના કરે છે. સત્યમાર્ગ પોતે જાણ્યો છે તેની પ્રભાવના કરે છે.

આત્મા પરદ્રવ્યોથી ભિન્ન, શાંત—વીતરાગ—ચિદાનંદ સ્વભાવરૂપ છે. તેને ઓળખીને તેમાં 'આ જ હું છું' એવો ભાવ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

શરીર-મન-વાણી તથા રાગ-દ્વેષથી પાર થઈને અંતરમાં પોતાના શુદ્ધ એકત્વ-સ્વરૂપમાં સ્વસન્મુખ દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે, તે મોક્ષમહેલનું પહેલું પગથિયું છે, ત્યાંથી જ મોક્ષમાર્ગરૂપ ધર્મની શરૂઆત થાય છે. જન્મ—મરણના નાશના ઉપાયમાં પહેલું જ સમ્યગ્દર્શન છે; એના વગરનું બધુંય જાણપણું ને બધી ક્રિયાઓ નિરર્થક છે. કોઈ પુણ્યથી—શુભરાગથી આવું સમ્યગ્દર્શન થતું નથી; અંતરમાં શુદ્ધતત્ત્વ છે તેને જ્ઞાનમાં—અનુભવમાં લઈને નિઃશંક શ્રદ્ધા કરતાં સમ્યગ્દર્શન થાય છે. આવા નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે સાચા દેવ-ગુરુ-ધર્મની ઓળખાણ, નવતત્ત્વની ઓળખાણ તથા નિઃશંકતાદિ આઠ ગુણ વગેરે વ્યવહાર કેવો હોય છે તે બતાવ્યું. આ જાણીને મુમુક્ષુ જીવોએ આઠ અંગ સહિત શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરવું.

---

(અનુસંધાન પેજ નં. ૩૩ થી ચાલુ) (બાળકોના પ્રશ્નો)

(૧૯) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ શ્રીકૃષ્ણના સગા થતા હોય? ....................

(૨૦) એવા ક્યા તીર્થંકર છે કે જેમની સમીપે શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત પામ્યા? ................

## (૯૫)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચેના બોલોમાં ચાર વસ્તુઓ લખી છે પાંચમી વસ્તુ પૂરી કરો.

(૧) પાંચ શાશ્વત મેરુ પર્વત : સુદર્શન મેરુ, અચલ મેરુ, મંદાર મેરુ, વિદ્યુન્માલી મેરુ ..........................

(૨) મહાવીર ભગવાનના નામ : વર્ધમાન, વીર, અતિવીર, મહાવીર, ................

(૩) પાંચ નામ શ્રી કુંદકુંદાચાર્યદેવના : પદ્મનંદિ, કુંદકુંદ, ગૃદ્ધપિચ્છાચાર્ય, વક્રગ્રીવાચાર્ય ..........................

(૪) પાંચ અનુત્તર વિમાન : વિજય, જયન્ત, અપરાજિત, સર્વાર્થસિદ્ધિ...................

(૫) પાંચ પ્રકારે અર્થ કરવાની પદ્ધતિ : શબ્દાર્થ, નયાર્થ, આગમાર્થ, ભાવાર્થ, .........

(૬) પાંચ ઈન્દ્રિયો : સ્પર્શન, રસના, ઘ્રાણ, શ્રોત્ર ......................

(૭) રાજગૃહીના પાંચ પહાડો : રત્નાગિરિ, ઉદયગિરિ, શ્રમણગિરિ, વૈભારગિરિ .................

(૮) અયોધ્યામાં જન્મેલા પાંચ તીર્થંકરો : ઋષભદેવ, અજિતનાથ, અભિનંદન, સુમતિનાથ ......................

(૯) પાંચ અરૂપી દ્રવ્યો : ધર્મ, અધર્મ, આકાશ, કાળ.........

(૧૦) પાંચ અસ્તિકાય : જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, ..........

(૧૧) પાંચ અજીવ દ્રવ્યો : પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિકાય, કાળ .....................

(૧૨) પાંચ આચાર : દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર .......................

(૧૩) પાંચ વ્રત : અહિંસાવ્રત, સત્યવ્રત, અચૌર્યવ્રત, બ્રહ્મચર્યવ્રત, .......................

(૧૪) પાંચ આસ્રવ : અવ્રત, પ્રમાદ, કષાય, યોગ ............................

(૧૫) પાંચ પાપ : જુઠ્ઠુ, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ .........................

(૧૬) પાંચ પાંડવ : યુધિષ્ઠિર, અર્જુન, નકુલ, સહદેવ .........................

(૧૭) પાંચ ભરતક્ષેત્ર : ધાતકીખંડના બે (પૂર્વ ને પશ્ચિમ) પુષ્કરદ્વીપના બે ...............

(૧૮) પાંચ ઐરાવત ક્ષેત્ર : જંબૂદ્વીપમાં, ધાતકીખંડમાં, પશ્ચિમ ધાતકીમાં, પૂર્વ પુષ્કરમાં ................................

(૧૯) પ્રવચનસારના પાંચ રત્નો : ગાથા ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪,...................

(૨૦) નિયમસારના પાંચ રત્નો : ગાથા ૭૭, ૭૮, ૭૯, ૮૦, .......................

## (૯૪) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોમાંથી તીર્થંકર ભગવાનનું નામ ઓળખીને લખો.)

(૧) એવા ક્યા તીર્થંકર છે કે તેમનો અને તેમના પુત્રનો જન્મ દિવસ એક જ હોય ?
..................

(૨) એવા ક્યા તીર્થંકર છે કે જેમની માસીએ તેમને આહારદાન કર્યું હોય ?............

(૩) એવા ક્યા તીર્થંકર છે કે વિદેહક્ષેત્રના તીર્થંકરે યાદ કરવાથી જેઓ વૈરાગ્ય પામ્યા હોય ?
.......................

(૪) એવા ક્યા તીર્થંકર છે કે જેમનું ચિહ્ન ઝાડ (કલ્પવૃક્ષ) હોય ? ..................

(૫) એવા ક્યા તીર્થંકર છે કે જેમના પુત્રો જ તેમના ગણધર થયા હોય ? ..................

(૬) એવા ક્યા તીર્થંકર છે કે જેમને બે ઉત્તમ પુત્રીઓ હોય ? ..................

(૭) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ અષાઢ સુદ છઠ્ઠે ત્રિશલા માતાની કૂંખે પધાર્યા હોય ? ..................

(૮) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ ફાગણવદ નોમે જન્મ્યા હોય ? .................

(૯) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ પોતે બે વખત (પૂર્વભવોમાં) તીર્થંકરપ્રભુના પુત્ર થયા, ને પછી પોતે તીર્થંકર થયા, ને તેમના ભાઈ તેમના ગણધર થયા ?
.............

(૧૦) એવા ક્યા તીર્થંકર છે કે જેમના પુત્ર ચક્રવર્તી થયા હોય ? ..................

(૧૧) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ તે ભવનાં ચક્રવર્તી પણ થયા હોય ? .................

(૧૨) એવા ક્યા તીર્થંકર છે તે જેમને ૧૦૦ પુત્રો થયા હોય ને તે બધાય પુત્રો તે જ ભવે મોક્ષ પામ્યા હોય ? ................

(૧૩) શ્રી નેમિનાથ ભગવાન ઉપરાંત બીજા એવા ક્યા તીર્થંકર છે કે જેઓ લગ્ન વખતે વૈરાગ્ય પામ્યા હોય ? ................

(૧૪) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ મુનિદશામાં માત્ર છ દિવસ જ રહ્યા હોય ?.............

(૧૫) એવા ક્યા તીર્થંકર છે કે જેમને સૌથી વધુ (૧૧૬) ગણધરો હતા ? ................

(૧૬) એવા ક્યા તીર્થંકર છે કે જેમના નિમિત્તે બે સર્પો ધર્મ પામ્યા હોય ? ................

(૧૭) એવા ક્યા તીર્થંકર છે તે જેઓ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં સૌથી ઊંચા સ્થાને બિરાજતા હોય ? ....................

(૧૮) એવા ક્યા તીર્થંકર છે કે ભીમ વગેરે પાંડવોએ જેમનો ઉપદેશ સાંભળ્યો હોય ?

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૦ ઉપર)

------------------------

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૫૦ થી ૬-૦૦ | : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન જૂન– ૨૦૨૧ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| ૧) નરક | ૬) ભાષાવર્ગણાની | (૧૧) કુંદકુંદ | (૧૬) નિશ્ચય મોક્ષમાર્ગ |
| ૨) સમયવ્યાખ્યા | (૭) હેય | (૧૨) ગૌણ | (૧૭) નિર્વિકલ્પ |
| ૩) જંબૂકુમાર | (૮) પરોક્ષ | (૧૩) દ્રવ્યત્વ | (૧૮) હેય |
| ૪) ઉપગૂહન | (૯) અતીન્દ્રિય | (૧૪) આત્મજ્યોતિ | (૧૯) સકલ |
| ૫) વજ્રવૃષભનારાચ | (૧૦) મિથ્યાત્વ | (૧૫) હેય | (૨૦) ભાવનો |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જૂન – ૨૦૨૧ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) વર્ધમાન | (૮) બે | (૧૫) અવમોદર્ય |
| (૨) ચાર | (૯) એક | (૧૬) ચાર |
| (૩) મતિ | (૧૦) ૧ થી ૧૪ | (૧૭) ઈર્યા |
| (૪) શુભ | (૧૧) પાંચમું | (૧૮) ઔપશમિક |
| (૫) દ્રવ્યકર્મ | (૧૨) અજ્ઞાની | (૧૯) ૧ થી ૧૩ |
| (૬) પૂજ્યપાદસ્વામી | (૧૩) ૨૦ | (૨૦) ક્ષાયિક |
| (૭) શ્રીષેણ રાજા | (૧૪) વિનય સંપન્નતા | |

## વૈરાગ્ય સમાચાર :–

* શાહ રસીકલાલ કાનજીભાઈની સુપુત્રી જાગૃતિબેન એમ. મહેતા (ઉ.વ. ૬૨)નું તા. ૬-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* ભાવનગર નિવાસી સ્વ. ધનવંતરાય વૃજલાલ કોઠારીના સુપુત્ર હિતેષભાઈ ધનવંતરાય શાહ (ઉ.વ. ૬૪) તા. ૮-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ મુંબઈ-ઘાટકોપર નિવાસી સ્વ. કેશવલાલ વૃજલાલ કોઠારીની દીકરી શોભનાબેન રાજેશભાઈ મહેતાના પુત્ર ઋષભ મહેતા (ઉ.વ. ૨૯) તા. ૧૩-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ ચેન્નાઈ નિવાસી શ્રી રૂપચંદજી બાદરમલજી જૈન (ઉ.વ. ૭૫) તા. ૧૩-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ સોનગઢ નિવાસી અનેકાંતજી જૈનના માતુશ્રી ગયાબાઈ અણા મહેન્દ્રકર (ઉ.વ. ૭૪)નું તા. ૧૪-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ મુંબઈ નિવાસી નિર્મલાબેન કાંતિલાલ મહેતા (ઉ.વ. ૮૪) તા. ૧૫-૫-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✽ બોરીવલી—મુંબઈ નિવાસી શ્રી હિંમતલાલ બી. મેઘાણીનું તા. ૧૫-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ મુનાઈ નિવાસી શારદાબેન કોદરલાલ દોશી (ઉ.વ. ૯૩) (—તેઓ સ્વા.મંદિર ટ્રસ્ટના મેનેજર કુમુદભાઈના માતુશ્રી) તા. ૨૦-૫-૨૦૨૧ના રોજ શાંત પરિણામથી દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ છેલ્લા ૩૬ વર્ષથી સોનગઢમાં રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો.

✽ ઘાટકોપર નિવાસી સ્વ. કમળાબેન મનસુખલાલ કામદારના સુપુત્ર જિતેન્દ્રભાઈ કામદાર (ઉ.વ. ૭૫) તા. ૨૨-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ પાલેજના મુમુક્ષુ સ્વ. મનસુખલાલ કુંવરજી શાહના સુપુત્ર શ્રી પ્રવીણચંદ્ર (ભીખુભાઈ) (ઉ.વ. ૭૮) તા. ૨૪-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ બોટાદ નિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી પ્રવીણભાઈ સોમચંદભાઈ ડગલી (ઉ.વ. ૮૯) તા. ૨૬-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ હૈદ્રાબાદ નિવાસી શ્રી આનંદકુમાર ફૂલચંદજી જૈન (—તેઓ બ્ર. આશાબેનના બનેવી) (ઉ.વ. ૮૨) તા. ૨૭-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવી લાભ લેતા હતા.

✽ લીંબડી નિવાસી (હાલ-વસઈ) રાજેન્દ્રકુમાર મહાસુખલાલ શાહના ધર્મપત્ની કુમકુમબેન (ઉ.વ. ૬૭) તા. ૨૮-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ સુરેન્દ્રનગર નિવાસી સ્વ. જ્યોત્સનાબેન કાંતિલાલ શાહ (ઉ.વ. ૭૫)નું તા. ૨૯-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ જામનગર નિવાસી (હાલ-ઘાટકોપર) શશીકાંતભાઈ શાંતિલાલ મહેતા (ઉ.વ. ૮૯)નું તા. ૬-૬-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ દાદર-મુંબઈ નિવાસી શ્રી ધીરુભાઈ શિવલાલ દોશી (ઉ.વ. ૮૩) તા. ૬-૬-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ દાદર મંડળના ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ પુરુષોત્તમદાસ કામદાર (ઉ.વ. ૮૧) તા. ૭-૬-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ વીંછીયા નિવાસી (હાલ-પાર્લા-મુંબઈ) શ્રી કિરીટભાઈ મનસુખલાલ ઉદાણી (ઉ.વ. ૬૬)નું દેહ પરિવર્તન તા. ૮-૬-૨૦૨૧ના થયેલ છે.

✽ મલાડ નિવાસી (હાલ સોનગઢ) સોનગઢ ટ્રસ્ટના ભૂતપૂર્વ સેક્રેટરી સ્વ. ચીમનલાલ ઠાકરશી મોદીના ધર્મપત્નિ લાભુબેન (ઉ.વ. ૮૯)નું તા. ૧૭-૬-૨૦૨૧નાં દેહ પરિવર્તન થયેલ છે. તેઓ કાયમ સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજીની વાણીનો લાભ લેતા હતાં

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન : આત્મજ્ઞાન કરવા માટે ઘણા ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે એ કરતાં કાંઈક સહેલો રસ્તો બતાવો ને ?

ઉત્તર : આત્મજ્ઞાન માટે ઘણા શાસ્ત્રો ભણવાની ક્યાં વાત છે ? તારી પર્યાય દુઃખના કારણો તરફ વળે છે તેને સુખના કારણભૂત સ્વભાવ સન્મુખવાળ એટલી જ વાત છે. પોતે ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો મહિમા લાવીને સ્વસન્મુખ થા ! આટલી વાત છે. તારી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સન્મુખ વાળવી. આ ટૂંકું ને ટચ છે. ૪૬૨.

● પ્રશ્ન :—આપ બહુ સૂક્ષ્મતામાં ને બહુ ઊંડાણમાં લઈ જાવ છો ?

ઉત્તર :—વસ્તુ જ એવા સ્વભાવવાળી છે. પર્યાય ઉપર ઉપર છે અને દ્રવ્ય ઊંડું...ઊંડું છે. અનંત...અનંત...અનંત....ઊંડપ છે. ક્ષેત્રથી નહિ પણ ભાવથી અનંત...અનંત... અનંત સામર્થ્યરૂપ ઊંડપ છે. ત્યાં જ્ઞાનપર્યાયને ધીરજથી લઈ જતાં ભગવાનનો ભેટો થાય છે. ૪૬૩.

● પાપને પાપ તો જગતમાં સૌ કહે છે પણ અનુભવી—જ્ઞાનીજન તો પુણ્યને પણ પાપ કહે છે. હિંસા, જૂઠું, ચોરી આદિને જગત પાપ માને છે પણ દયા, દાન, પૂજા, ભક્તિ આદિના શુભરાગને જ્ઞાનીજનો પાપ કહે છે, કેમકે સ્વરૂપમાંથી પતિત થઈને શુભરાગ ઊઠે છે તેથી તે પણ પાપ છે શુભરાગમાં સ્વની હિંસા થાય છે તેથી પ્રવચનસાર ગાથા ૭૭માં કહ્યું છે કે પુણ્ય-પાપમાં જે ભેદ માને છે—તફાવત માને છે તે મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમાં રખડશે. આહાહા ! આવી વાતો તો જેને અંતરમાં ભવનો ભય લાગ્યો હોય ને ભયથી છૂટવું હોય એને બેસે એવી છે. ૪૬૫.

● જેમ કેવળજ્ઞાનમાં ત્રણ કાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધ પર્યાયો થાય છે. કેવળજ્ઞાને જાણ્યું માટે નહીં પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા ! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ કે શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થવાના, તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું રહ્યું નહીં. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં થાય છે. આહાહા ! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. ૪૬૭.

આત્મધર્મ
જુલાઈ-૨૦૨૧
અંક-૧૧ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-7-2021
Posted on 1-7-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org